RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર


RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 116 Dt. 19-11-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

## સાયબર સેન્ટર ઑફ એક્સલન્સની મોટી સફળતા




# સાયબર સ્લેવરી રેકેટનો પર્દાફાશ

## મુખ્ય સૂત્રધાર નીલ પુરોહિતની સાથે બે સૂત્રધારોની ધરપકડ : ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર

રાજકોટ, તા. ૧૮

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશો અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ રૂ. ૫૦૦ કરોડના ખર્ચે અદ્યતન ટેક્નોલોજી અને મહત્તમ સ્ટાફ સાથે તૈયાર થઈ રહેલા સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ (Cyber Centre of Excellence) દ્વારા વધુ એક મોટી સફળતા મેળવવામાં આવી છે. સાયબર સેન્ટર ફોર એક્સેલન્સ એ મ્યાનમારના KK પાર્ક અને કમ્બોડિયા ખાતે ચાઈનીઝ સાયબર માફિયા દ્વારા સંચાલિત 'સાયબર સ્લેવરી' (Cyber Slavery) સ્કેમ સેન્ટરો માટે ભારતીય યુવાનોને સપ્લાય કરતા મુખ્ય સૂત્રધાર-એજન્ટ નીલેશ પુરોહિત ઉર્ફે નીલને ઝડપી પાડ્યો છે.

સાયબર ક્રાઈમના વધતા ગુનાઓ સામે કડક કાર્યવાહી કરવાના સીઆઈડી ક્રાઈમ પોલીસ મહાનિદેશક ડો. કે.એલ.એન. રાવ અને નાયબ પોલીસ મહાનિરીક્ષક પરીક્ષિતા રાઠોડના આદેશોને પગલે, પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા, સંજય કેશવાલા, અને વિવેક ભેડાના સુપરવિઝન હેઠળ આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું.

સાયબર સેન્ટર ઓફ એક્સલન્સની ટીમે ટેકનિકલ એનાલિસિસ દ્વારા 'ઘોસ્ટ' (Ghost) તરીકે કામ કરતા અને મલેશિયા ભાગી જવાની ફિરાકમાં રહેલા નીલ પુરોહિતને ગાંધીનગર ખાતેથી ઝડપી પાડ્યો હતો. તેના બે મુખ્ય સાથીદાર સબ-એજન્ટ હિતેશ સોમૈયા અને સોનલ ફળદુની પણ ધરપકડ કરવામાં આવી હતી. નીલ પુરોહિતના ૧૪ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે. અને આ રેકેટના વધુ બે આરોપીઓ ભાવદીપ જાડેજા અને હરદીપ જાડેજાની પણ ધરપકડ કરવામાં આવી છે.

ભારત સરકાર દ્વારા થાઈલેન્ડ અને મ્યાનમાર સરકારના સહયોગથી સેનાની મદદથી ઓપરેશનો હાથ ધરવામાં આવ્યા હતા, જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં આશરે ૪૦૦૦ ભારતીય નાગરિકોને મુક્ત કરાવી સ્પેશિયલ ફ્લાઈટ દ્વારા ભારત પરત લાવવામાં આવ્યા છે. આ પૈકી મોટા ભાગના ભોગ બનનારાઓએ તેમના નિવેદનોમાં એજન્ટ તરીકે નીલ પુરોહિતનું નામ આપ્યું હતું, જે આ ધરપકડમાં મુખ્ય કડી સાબિત થયું છે. સાયબર સેન્ટર ઑફ એક્સલન્સે આંતરરાષ્ટ્રીય સ્કેમ સિન્ડિકેટ સાથે મળીને આચરવામાં આવેલા માનવ તસ્કરી અને સાયબર ક્રાઈમના ગંભીર ગુનાનો પર્દાફાશ કરી એક મોટું નેટવર્ક તોડ્યું છે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ સાયબર સેન્ટર ઑફ એક્સલન્સની સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા છે.

### આંતરરાષ્ટ્રીય સ્તરનું નેટવર્ક

તપાસમાં બહાર આવ્યું છે કે નિલેશ પુરોહિત એક અત્યંત સુવ્યવસ્થિત આંતરરાષ્ટ્રીય સાયબર-સ્લેવરી નેટવર્ક ચલાવતો હતો. તે ૧૨૬થી વધુ સબ-એજન્ટોનું સંચાલન કરતો હતો. એટલું જ નહીં, આરોપી 30થી વધુ પાકિસ્તાની એજન્ટોના સંપર્કમાં હતો અને ૧૦૦થી વધુ ચાઈનીઝ તથા વિદેશી કંપનીઓના HR નેટવર્ક સાથે સીધો કનેક્શન ધરાવતો હતો, જે સાયબર-ફ્રોડ સ્કેમ કેમ્પમાં માણસો સપ્લાય કરતા હતા. આરોપી અન્ય ૧૦૦૦થી વધારે નાગરિકોને સાયબર સ્લેવરી માટે ઉપરોક્ત દેશોમાં મોકલવા માટે ડીલ કરી ચૂક્યો હોવાનું તપાસમાં ધ્યાને આવ્યું છે. જેમાંથી ઓપરેશન પાર પાડયાના આગળના દિવસે જ આરોપીએ એક પંજાબના નાગરીકને કમ્બોડિયા મોકલ્યો હોવાનું તપાસમાં ખુલ્યું છે. આ આરોપી દુબઈ, લાઓસ, થાયલેન્ડ, મ્યાનમાર તથા ઈરાનનો પ્રવાસ કર્યો હોવાનું પણ તપાસમાં જણાઈ આવ્યું છે. આરોપીએ દક્ષિણ પુર્વ એશિયાઇ દેશોની ટીકીટ બુક કરાવી ભારત, શ્રીલંકા, ફિલિપાઈન્સ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, નેપાળ, નાઈજીરિયા, ઈજિપ્ત, કેમેરૂન, બેનિન અને ટ્યુનિશિયા જેવા દેશોના ૫૦૦થી વધુ નાગરિકોને સીધા અથવા દુબઈ મારફતે મ્યાનમાર, કમ્બોડિયા, વિયેતનામ અને થાઈલેન્ડ ખાતે સાયબર સ્લેવરી માટે મોકલ્યા હતા. આરોપી નિલેશ પુરોહિત આ સમગ્ર આંતરરાષ્ટ્રીય નેટવર્ક માટે ભરતી, ટ્રાફિકિંગ રૂટ્સ, નાણાકીય વ્યવસ્થા અને ક્રોસ-બોર્ડર કનેક્શન અંગે સંચાલન અને નિયંત્રણ કરતો હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. આ ભેજાબાજની મોડસ ઓપરેન્ડી પણ ગજબની હતી. આરોપી ટેલિગ્રામ, ઈન્સ્ટાગ્રામ, ફેસબુક જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વિદેશમાં ઊંચા પગારની ડેટા એન્ટ્રી જોબ્સની લાલચ આપી નાગરિકોને ફસાવતો હતો. ભોગ બનનારના પાસપોર્ટ જપ્ત કરી તેમને બંધક બનાવવામાં આવતા. ત્યારબાદ, તેમને ગેરકાયદેસર રીતે મોઇ નદી મારફતે સરહદ પાર કરાવી મ્યાનમારના KK પાર્ક, મ્યાવાડી ટાઉનશિપ જેવા ચાઈનીઝ હબમાં લઈ જઈ ફિશિંગ, ક્રિપ્ટો સ્કેમ, પોન્ઝી સ્કીમ, અને ડેટિંગ એપ દ્વારા છેતરપિંડી જેવા સાયબર ગુનાઓ કરવા માટે બળજબરી કરવામાં આવતી હતી. સહકાર ન આપનારને શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવતી હતી.

### ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજવાની તૈયારી

# SIRના વિરોધમાં કોંગ્રેસ રસ્તા પર

નવીદિલ્હી, તા. ૧૮

કોંગ્રેસ પાર્ટીએ મંગળવારે જાહેરાત કરી હતી કે તે ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીઓના ચાલી રહેલા ખાસ સઘન સુધારણા (SIR)નો વિરોધ કરવા માટે રસ્તાઓ પર ઉતરશે અને ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં દિલ્હીના રામલીલા મેદાનમાં વિશાળ રેલી યોજવાની યોજના ધરાવે છે.

દિલ્હીમાં કોંગ્રેસ હાઈકમાન્ડની ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના નેતૃત્વ સાથે બેઠક બાદ પત્રકારોને સંબોધતા, કોંગ્રેસના મહાસચિવ (સંગઠન) કે.સી. વેણુગોપાલે કહ્યું, અમે રસ્તાઓ પર ઉતરી રહ્યા છીએ. ડિસેમ્બરના પહેલા અઠવાડિયામાં, કોંગ્રેસ પાર્ટી રામલીલા મેદાનમાં એક વિશાળ રેલી કરશે, જેમાં લાખો લોકો ભાગ લેશે. અમે ભારતીય ચૂંટણી પંચ (ECI) ને ફરીથી ખુલ્લી પાડીશું.

વેણુગોપાલે કહ્યું, ECIનો ઉદ્દેશ લોકશાહી અને વિરોધ પક્ષોનો નાશ કરવાનો છે, જે ભારતીય લોકશાહીમાં પહેલાં ક્યારેય બન્યું નથી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પણ કોંગ્રેસ મુખ્યાલય, ઈન્દિરા ભવન ખાતે બેઠકમાં હાજર રહ્યા હતા. વેણુગોપાલે કહ્યું, સામાન્ય રીતે, રાજ્ય એકમોમાં એવી ધારણા છે કે ચૂંટણી પંચ જાણી જોઈને સમાજના ચોક્કસ વર્ગોના મત ભૂંસી નાખવાનો પ્રયાસ કરી રહ્યું છે. SIR મત ભૂંસી નાખવાને લક્ષ્ય બનાવવા માટે રચાયેલ છે. અમે બિહારમાં પણ આવું જ અનુભવ્યું હતું, અને હવે તેઓ ૧૨ રાજ્યોમાં તેને રજૂ કરવા જઈ રહ્યા છે. કોંગ્રેસ નેતાએ કહ્યું કે આ દેશમાં લોકશાહીનો નાશ કરવા માટે ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવેલો એક ભયંકર પ્રયાસ છે.આ સંપૂર્ણપણે અનૈતિક અને અલોકતાંત્રિક છે. સામાન્ય રીતે, મતદાર યાદી સુધારણામાં ઘણો સમય લાગે છે... તમે બૂથ-સ્તરના અધિકારીઓ (BLOs) ને કામના દબાણને કારણે આત્મહત્યા કરતા જોઈ શકો છો.

# અલ ફલાહના ચેરમેન જાવેદની ધરપકડ

### દિલીપ બ્લાસ્ટ કેસમાં સેન્ટ્રલ એજન્સીઓને પ્રતિ દિવસ મળી રહી છે ચોકાવનારી માહિતી : દિલ્હીમાં ૧૯ સ્થળે દરોડા

નવીદિલ્હી, તા. ૧૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે અલ ફલાહ ગ્રુપના ચેરમેન જાવેદ અહેમદ સિદ્દીકીની પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA), ૨૦૦૨ ની કલમ ૧૯ હેઠળ ધરપકડ કરી છે. આ કાર્યવાહી અલ ફલાહ ગ્રુપ સાથે જોડાયેલા પરિસરમાં દરોડા દરમિયાન મળેલી મહત્વપૂર્ણ માહિતી અને પુરાવાઓના આધારે કરવામાં આવી હતી. ED એ દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા નોંધાયેલા બે FIR ના આધારે આ તપાસ શરૂ કરી હતી. તબીબી તપાસ કરાવ્યા બાદ સિદ્દીકીને સાકેત કોર્ટમાં રજૂ કરવામાં આવશે. એવો આરોપ છે કે અલ ફલાહ યુનિવર્સિટીએ NAAC માન્યતાનો ખોટો દાવો કર્યો હતો અને વિદ્યાર્થીઓ, વાલીઓ અને સામાન્ય લોકોને ગેરમાર્ગે દોરવા અને નાણાકીય લાભ મેળવવા માટે UGCની કલમ ૧૨(B) હેઠળ તેની માન્યતા વિશે ખોટી માહિતી પૂરી પાડી હતી. UGCએ સ્પષ્ટતા કરી છે કે અલ ફલાહ યુનિવર્સિટી ફક્ત કલમ ૨(૨) હેઠળ રાજ્ય ખાનગી યુનિવર્સિટી તરીકે સૂચિબદ્ધ છે અને તેણે ક્યારેય કલમ ૧૨(B)






હેઠળ માન્યતા માટે અરજી કરી નથી.

દિલ્હીમાં ૧૯ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં અલ ફલાહ યુનિવર્સિટી અને ટ્રસ્ટ સાથે સંકળાયેલા અગ્રણી વ્યક્તિઓના ઘરોનો સમાવેશ થાય છે. દરોડા દરમિયાન, ₹૪.૮ મિલિયનથી વધુ રોકડ, અસંખ્ય ડિજિટલ ઉપકરણો, મૂલ્યવાન દસ્તાવેજો અને અનેક શેલ કંપનીઓના પુરાવા જપ્ત કરવામાં આવ્યા હતા. ઊઉ ની તપાસમાં જાણવા મળ્યું કે ટ્રસ્ટના ભંડોળને કૌટુંબિક કંપનીઓમાં વાળવામાં આવ્યા હતા. જાવેદ સિદ્દીકીની પત્ની અને બાળકોની માલિકીની કંપનીઓને બાંધકામ અને કેટરિંગ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા. ભંડોળનું સ્તરીકરણ, કપટપૂર્ણ વ્યવહારો અને અસંખ્ય અન્ય ઉલ્લંઘનો શોધી કાઢવામાં આવ્યા હતા. ED જણાવે છે કે જાવેદ અહેમદ સિદ્દીકી ટ્રસ્ટ અને તેના નાણાકીય નિર્ણયોના વાસ્તવિક નિયંત્રક છે. મળેલા પુરાવા સૂચવે છે કે તેણે વિવિધ માધ્યમો દ્વારા ગુનાહિત રકમ છુપાવી અને લોન્ડર કરી હતી. આ પુરાવાના આધારે, કાનૂની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, તેની ધરપકડ કરવામાં આવી હતી. EDએ મની લોન્ડરિંગ કેસના સંદર્ભમાં અલ ફલાહ ગ્રુપના ચેરમેન જાવેદ અહેમદ સિદ્દીકીની ધરપકડ કરી છે. EDએ દિલ્હી પોલીસ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા દાખલ કરાયેલી FIRના આધારે તપાસ શરૂ કરી હતી. તપાસમાં આરોપ છે કે અલ ફલાહ યુનિવર્સિટીએ NAAC માન્યતાનો ખોટો દાવો કર્યો હતો.

# ઓઈલ-રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે મોકડ્રીલ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ SEOC-ગાંધીનગર ખાતે ટેબલ ટોપ એક્સરસાઇઝ યોજાઈ ૨૧મીએ આયોજન



રાજકોટ, તા..૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ભારત સરકારની રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ તથા ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સંયુક્ત ઉપક્રમે ગુજરાતમાં તેલ અને રાસાયણિક આપત્તિ વ્યવસ્થાપન માટે રાજ્ય સ્તરની મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતના વિવિધ જિલ્લામાં સ્થિત મુખ્ય રિફાઇનરીઓ અને રાસાયણિક હબ ખાતે આગામી તા. ૨૧ નવેમ્બરના રોજ યોજાનારી આ મોકડ્રીલની તૈયારીઓ સુનિશ્ચિત કરવા આપત્તિ વ્યવસ્થાપન રાજ્ય મંત્રી સંજયસિંહ મહીડાની ઉપસ્થિતિમાં જીઊઘઈ-ગાંધીનગર ખાતે ટેબલ ટોપ એક્સરસાઇઝ યોજાઈ હતી, જેમાં મંત્રી મહીડાએ મોકડ્રીલને વધુ સાર્થક અને સફળ બનાવવા તમામ સંલગ્ન વિભાગો-સંસ્થાઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

મંત્રી સંજયસિંહ મહિડાએ ટેબલ ટોપ એકસરસાઈઝમાં જણાવ્યું હતું કે, આ મોકડ્રિલનો મુખ્ય ઉદ્દેશ્ય ઓઇલ અને કેમિકલ ઉદ્યોગોમાં ભવિષ્યમાં અકસ્માત સર્જાય ત્યારે ત્વરિત પ્રતિભાવ આપવા માટેની રાજ્યની તૈયારી, વિવિધ સરકારી વિભાગો અને ખાનગી ઉદ્યોગો વચ્ચેનો સંકલન અને માનવ સંસાધન તથા સાધનોની અસરકારકતા ચકાસવાનો છે. ગુજરાત એક ઔદ્યોગિક રાજ્ય હોવાને કારણે રાજ્યમાં આવતી દરેક આપત્તિઓ માટે સજ્જ રહેવું ખૂબ જ અનિવાર્ય છે. એમાં પણ જામનગર, હજીરા, વાડીનાર અને કંડલા જેવા સ્થળોએ મુખ્ય રિફાઇનરીઓ, રાસાયણિક હબ અને મોટા ટેન્ક-સ્ટોરેજ સુવિધાઓની હાજરીને કારણે દરેક કટોકટી સામે સંપૂર્ણપણે તૈયાર રહેવું આવશ્યક છે.

તેમણે ભૂતકાળમાં બનેલી ભોપાલ ગેસ દુર્ઘટના અને વિશાખાપટ્ટનમ સ્ટાયરીન ગેસ લીક જેવી વિનાશક ઘટનાઓનો ઉલ્લેખ કરીને ઓઈલ અને રાસાયણિક અકસ્માતો સામે તૈયારીનું મહત્ત્વ પણ સમજાવ્યું હતું. મંત્રીએ ઉમેર્યું હતું કે, આ મોકડ્રીલ પૂરવાર કરશે કે, આપણું ગુજરાત સંકટના સમયે એક સંયુક્ત ટીમ તરીકે કાર્ય કરવા માટે સંપૂર્ણપણે સજ્જ છે. આ ઉપરાંત મંત્રીએ દેશના આર્થિક હિતો માટે રાજ્યના સૌથી મહત્ત્વપૂર્ણ મોટા પેટ્રોકેમિકલ હબ, રિફાઇનરીઓ અને ઔદ્યોગિક ક્લસ્ટર્સની સલામતી સુનિશ્ચિત કરવાની જવાબદારી પર વિશેષ ભાર મૂક્યો હતો. તેમણે મોકડ્રીલમાં સહભાગી થવા બદલ રિલાયન્સ, નાયરા, ઘગત્ર્ર્ઈ ઘડ્ફક, પેટ્રોનેટ ક્ગત્રૃ અને દીનદયાલ પોર્ટ મુંદ્રા જેવા મુખ્ય ઉદ્યોગોની પ્રશંસા કરી હતી. મંત્રીશ્રીએ મોકડ્રીલ સાથે સંકળાયેલા તમામ વિભાગોને સંપૂર્ણ-પાયાની મોક એક્સરસાઈઝ પહેલાં અંતરાલો ઓળખવા અને તેને સંબોધવા વિનંતી કરી હતી, જેથી ગુજરાતને કટોકટી વ્યવસ્થાપનમાં રાષ્ટ્રીય મોડેલ બનાવી શકાય.

ગુજરાતને આપત્તિ વ્યવસ્થાપનનું રોલ મોડલ રાજ્ય ગણાવતા મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. જયંતિ રવિએ જણાવ્યું હતું કે, ગુજરાત પર આવતી દરેક આપત્તિ માટે સંપૂર્ણ વ્યવસ્થાને સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે વિવિધ વિષયો પર આપત્તિ વ્યવસ્થાપનની મોકડ્રીલનું આયોજન કરવામાં આવે છે. ગુજરાત દેશનું મેજર પેટ્રો કેમિકલ હબ હોવાથી ઓઈલ અને રસાયણ સંબંધિત આવતી કોઈપણ આપત્તિ સામે તૈયાર રહેવું પણ ખૂબ જ જરૂરી છે. આપત્તિના સમયે રાજ્યનો દરેક વિભાગ અને એજન્સીઓ એક-બીજા સાથે તાલમેલથી વ્યવસ્થાપનનું કામ કરી શકે તે માટે આ મોકડ્રીલનું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે મોકડ્રીલને વધુ સાર્થક બનાવવા દરેક નોડલ અધિકારીઓને સક્રિય રીતે ભાગ લઈને અંતરાલો દૂર કરવા માટે જરૂરી સૂચનો કરવા માટે આહ્વાન કર્યું હતું.

આ વેળાએ રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળના સભ્ય લેફ્ટ. જનરલ શ્રી સૈયદ અતા હસનૈને સમગ્ર મોકડ્રીલને સફળ બનાવવા માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તદુપરાંત તેમણે, વર્ષ ૨૦૦૧માં ગુજરાતમાં આવેલા ભૂકંપ, બિપોરજોય વાવાઝોડું તેમજ તાજેતરમાં જ થયેલી વિમાન દુર્ઘટના દરમિયાન રાજ્ય સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી આપત્તિ વ્યવસ્થાપનની કામગીરી અને તૈયારીઓની સરાહના કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાત આપત્તિ વ્યવસ્થાપનની અગોતરી તૈયારીઓ માટે ડીઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અમલમાં લાવીને અલાયદું સત્તામંડળ સ્થાપવા વાળું દેશનું પ્રથમ રાજ્ય છે.

આ ટેબલ ટોપ એક્સરસાઇઝમાં ગઉખઅ, ત્ર્ર્જઉખઅ, જીઊઘઈ, ગઉઇંઞ્, જઉઇંઞ્, વિવિધ સૈન્ય દળો ઉપરાંત વિવિધ સંલગ્ન વિભાગો, સંસ્થાઓના પ્રતિનિધિ-નોડલ અધિકારીઓ તેમજ જિલ્લા કલેકટરઓએ મોકડ્રીલ માટેની સંપૂર્ણ તૈયારીઓની માહિતી આપી હતી. જ્યારે, ઉપસ્થિત મહાનુભાવોએ સંપૂર્ણ તૈયારીઓની સમીક્ષા કરીને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

### રાજયના ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને મળશે રૂ. ૯૮૬ કરોડથી વધુની સહાય

# PM કિસાન સન્માન નિધિનો ૨૧મો હપ્તો થશે રિલીઝ

## તામિલનાડુના કોયમ્બતુરથી વડાપ્રધાન મોદી કરશે રિલીઝ : ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજયકક્ષાનો કાર્યક્રમ




રાજકોટ, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે તામીલનાડુના કોઈમ્બતુર ખાતેથી પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ (PM-KISAN) યોજનાનો ૨૧મો હપ્તો રિલીઝ કરશે. આ કાર્યક્રમના માધ્યમથી વડાપ્રધાન દેશના ખેડૂતો સાથે સંવાદ કરીને વિશેષ સંબોધન કરશે. જે અનુસંધાને ગાંધીનગર ખાતે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી, કૃષિ મંત્રી શ જીતુભાઈ વાઘાણી અને કૃષિ રાજ્ય મંત્રી રમેશભાઈ કટારાની પ્રેરક ઉપસ્થિતિમાં રાજ્ય કક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ સંદર્ભે વિગતો આપતા કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પીએમ કિસાન યોજનાના ૨૧માં હપ્તા પેટે સમગ્ર દેશના ૯ કરોડથી વધુ ખેડૂતોને રૂ. ૧૮,૦૦૦ કરોડથી વધુની સહાય વિતરણ કરવામાં આવશે. જે પૈકી ગુજરાતના આશરે ૪૯.૩૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૯૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં જમા કરવામાં આવશે. આ સમારોહમાં મુખ્યમંત્રીના હસ્તે પીએમ કિસાન સમ્માન નિધિ યોજનાના લાભાર્થીઓ ઉપરાંત વિવિધ કૃષિ અને બાગાયત યોજનાના લાભાર્થી ખેડૂતોને પણ સહાય-મંજૂરી પત્રોનું વિઅતરણ કરવામાં આવશે.

રાજય કક્ષાના કાર્યક્રમ ઉપરાંત દરેક ICAR, કેન્દ્રીય કૃષિ યુનિવર્સિટીઓ, રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્રો ખાતે પણ આ કાર્યક્રમનું આયોજન કરીને વડાપ્રધાનના કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આ કાર્યક્રમોમાં વિવિધ પદાધિકારી-અધિકારીઓ અને મોટી સંખ્યામાં ખેડૂતો ઉપસ્થિત રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, પીએમ-કિસાન યોજના અંતર્ગત અત્યાર સુધીમાં ભારતના કુલ ૧૧ કરોડથી વધુ ખેડૂત પરિવારોને ૨૦ હપ્તાના માધ્યમથી કુલ ૩,૯૧,૦૦૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. જે અન્વયે ગુજરાતના લાભાર્થી ખેડૂત પરિવારોને પણ ૨૦ હપ્તાના માધ્યમથી અત્યાર સુધીમાં કુલ રૂ. ૨૧,૦૮૬ કરોડથી વધુની સહાય સીધી તેમના બેન્ક ખાતામાં ચૂકવવામાં આવી છે.

# 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર ૨૦૨૫' ગુજરાતના ફાળે

## જળ વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાતની વધુ એક રાષ્ટ્રીય સિદ્ધિ, મળ્યું દ્વિતીય સ્થાન



રાજકોટ, તા. ૧૮

'જળ વ્યવસ્થાપન' ક્ષેત્રે ગુજરાતે વધુ એક રાષ્ટ્રીય સિદ્ધિ હાંસલ કરી છે. કેન્દ્ર સરકારના જળ શક્તિ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા 'રાષ્ટ્રીય જળ પુરસ્કાર -૨૦૨૫'માં ગુજરાતે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતના રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુના હસ્તે તેમજ કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં નવી દિલ્હી ખાતે આયોજિત કાર્યક્રમમાં ગુજરાતને આ સિદ્ધિ બદલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. જળ સંપત્તિ વિભાગના સચિવ પાર્થિવ સી.વ્યાસે ગુજરાત સરકાર વતી નવી દિલ્હી ખાતે આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સતત માર્ગદર્શનમાં ગુજરાત સરકારે જળ સંચાલન ક્ષેત્રે કરેલા ટકાઉ, નવીન અને જનકેન્દ્રિત પ્રયત્નોને પરિણામે આ પુરસ્કાર પ્રાપ્ત થયો છે. મહારાષ્ટ્રને પ્રથમ જ્યારે ગુજરાતને બીજા ક્રમે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. નોંધનીય છે કે, કેન્દ્ર સરકાર દ્વારા ગત વર્ષ ૨૦૨૪માં પણ ગુજરાતને જળ સંચયમાં રાષ્ટ્રીય ક્ષેત્રે ત્રીજા ક્રમે આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. જળ સંપત્તિ અને પાણી પુરવઠા વિભાગ દ્વારા રાજ્યમાં પાણીના સ્ત્રોતોનું યોગ્ય આયોજન અને પાણીનું ટકાઉ સંચાલન સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. જેમાં પાણીના સ્ત્રોતોનું સંચાલનમાં ડેમ, બેરેજ, ચેકડેમ દ્વારા પાણીનું સંગ્રહ, વિતરણ અને પુનઃઉપયોગ માટે મજબૂત તંત્ર ઉભું કરાયું છે. વધુ પાણી ધરાવતા વિસ્તારોથી પાણી ઉદ્વહન કરી પાણીની તંગી ધરાવતા વિસ્તારોમાં પહોંચાડવાની ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી છે. જ્યારે ભૂગર્ભ જળ રિચાર્જ અને ખાર નિયંત્રણ થકી પાણીની તંગી વાળા વિસ્તારોમાં રિચાર્જ પ્રોજેક્ટ્સ આધારિત યોજનાઓ દ્વારા જળ સંતુલન જાળવવામાં આવ્યું છે. વધુમાં નાગરિક સહભાગિતા અને નવીન યોજનાઓના માધ્યમથી શુદ્ધ કરેલા ગંદાપાણીનો પુનઃઉપયોગ, પીવાના પાણી માટે ભૂગર્ભ સ્ત્રોતોનો ઓછો ઉપયોગ અને પાણી વ્યવસ્થાપનમાં સમુદાયની સહભાગિતા દ્વારા ગુજરાતે દેશ સમક્ષ એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે.

# રોડ સેફ્ટી માટે સ્વદેશી એપ મેપલ્સ સાથે MOU

## નાગરિકોને નેવિગેશનની સાથે સાથે બ્લેક સ્પોટ્સ, એક્સિડન્ટ ઝોન, સ્પીડ લિમિટ ઉપરાંત રિયલ ટાઇમ ટ્રાફિક એડવાઈઝરી અપડેટ આપશે

રાજકોટ, તા. ૧૮

ગુજરાતમાં રોડ સેફ્ટી અને ટ્રાફિક મેનેજમેન્ટ અંગે એક મહત્વપૂર્ણ પહેલ અંતર્ગત ગુજરાત પોલીસ અને સ્વદેશી એપ મેપલ્સ (ખફાળુશક્ષમશફ) વચ્ચે સમજૂતી કરાર (ખજ્ઞઞ) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ તાજેતરમાં 'હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશી' અભિયાન અંતર્ગત તમામ વિભાગો સાથે ખાસ બેઠક યોજીને સ્વદેશી અપનાવવાના મુદ્દા પર ભાર મૂક્યો હતો. ત્યારે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના માર્ગદર્શનમાં સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા સ્વદેશી એપ મેપલ્સ સાથે ટ્રાફિક મેનેજમેન્ટ અને રોડ સેફ્ટી માટે ખાસ સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

મેપલ્સ (ખફાળુશક્ષમશફ) દ્વારા તેમની એપમાં વિશેષ સુવિધાઓ ડેવલપ કરી નાગરિજલક્ષી ખાસ ફિચર્સ અપડેટ કરવામાં આવ્યા છે. હવે નાગરિકો/ વાહનચાલકોને નેવિગેશનની સાથે સાથે આ એપ બ્લેક સ્પોટ્સ, એક્સિડન્ટ ઝોન, સ્પીડ લિમિટ ઉપરાંત રિયલ ટાઈમ ટ્રાફિક એડવાઈઝરી અપડેટ આપશે.સ્ટેટ ટ્રાફિક બ્રાન્ચ દ્વારા પૂરો પાડવામાં આવેલો બ્લેક સ્પોટ્સ અને સંભવિત અકસ્માત ઝોનનો ડેટા મેપલ્સ દ્વારા આ એપમાં અપડેટ કરી દેવાયો છે. તે ઉપરાંત વાહનચાલકોને ડાર્ક રસ્તા અંગે પણ પહેલેથી અંદાજ આવી જાય અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે સ્પીડ લિમિટ પણ આ એપમાં અપડેટ કરવામાં આવી છે.

ખજ્ઞઞ મુજબ, ગુજરાત પોલીસ મેપમાયઇન્ડિયાને દૈનિક ધોરણે રીઅલ-ટાઇમમાં ટ્રાફિક એડવાઈઝરી અને ટ્રાફિક સંબંધિત માહિતી પૂરી પાડશે, જેમાં બંધ કરાયેલા રોડ અંગેની માહિતી (છજ્ઞફમ ઈહજ્ઞતીયિત), પ્લાન્ડ રોડ કન્સ્ટ્રક્શન/રિપેર એક્ટિવિટિઝ તથા રેલીઓ અને અન્ય કાર્યક્રમોની માહિતી આ એપમાં રિયલ ટાઈમ અપડેટ થશે જેની જાણ નાગરિકોને થતા તેઓ વૈકલ્પિક રૂટ પસંદ કરી શકશે.

આ ખજ્ઞઞના સંદર્ભમાં તમામ જિલ્લાના પોલીસને આ હેતુ માટે બનાવેલા વોટ્સએપ ગ્રુપ દ્વારા મેપમાયઇન્ડિયાને ઇનપુટ્સ કેવી રીતે આપવા તેની તાલીમ આપવામાં આવી છે. ડેટા અપડેશનનું કાર્ય શરૂ થઈ ચૂક્યું છે. ગુજરાત પોલીસ વાહનચાલકો માટે તેમની મુસાફરી વધુ અનુકૂળ બનાવવા માટે રીઅલ-ટાઇમમાં વધુ સારા ટ્રાફિક અપડેટ્સ આપવા માટે મેપમાયઇન્ડિયા સાથે સતત કાર્ય કરી રહી છે. કસ્ટમાઇઝ્ડ ટ્રાફિક અપડેટ્સ મેળવવા અને વધુ સારા ટ્રાફિક મેનેજમેન્ટ માટે ગુજરાત પોલીસ દ્વારા રાજ્યના નાગરિકોને મેપમાયઇન્ડિયા (ખફાળુશક્ષમશફ) એપનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરવામાં આવી છે.



# આજી ડેમથી હુડકો ચોકડી રોડ બિસ્માર

## રાષ્ટ્રીય ધોરી માર્ગના વાંધા સુચન અને જરૂરિયાત પ્રમાણેડાઈવર્જન આપવા કલેકટરને રજૂઆત કરતું કોંગ્રેસ

રાજકોટ, તા..૧૮

વોર્ડ નંબર ૧૫ માં આવતા આજીડેમ ચોકડી થી કોઠારીયા (હુડકો)ચોકડી વચ્ચે આવેલા તમામ વિસ્તારો કે.પી. ઈન્ડસ્ટ્રી ઝોન, એન.બી. ઈન્ડસ્ટ્રીઝ જોન, રામનાથ ઈન્ડસ્ટ્રીઝ ઝોન ૧,૨,૩,૪ , આદિત્ય ઈન્ડસ્ટ્રીઝ ઝોન, મારુતિ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, કિસાન ઈન્ડસ્ટ્રીઝ એરીયા, ધારા ઈન્ડસ્ટ્રીઝ એરીયા, સહજાનંદ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, પરમધામ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, સુરભી ઈન્ડસ્ટ્રીઝ એરીયા, કેસરીનંદન ઈન્ડસ્ટ્રીઝ એરીયા, નવ ભારત ઈન્ડસ્ટ્રીઝ એરીયા, ઓમ ઉદ્યોગ નગર, ક્રાંતિનગર ઈન્ડસ્ટ્રીઝ એરીયા, શિવધારા પાર્ક ૧,૨, હરિઓમ પાર્ક રહેણા વિસ્તાર, રામ પાર્ક, મુકેશ પાર્ક રહેણાક વિસ્તાર, શ્રી રાધાકૃષ્ણ સોસાયટી અને હાઈવેની સામેની બાજુ સંસ્કારી ઈન્ડસ્ટ્રીઝ ઝોન, મધુરમ ઈન્ડસ્ટ્રીઝ એરીયા, શ્રી હરિ ઈન્ડસ્ટ્રીઝ, શિવમ ઈન્ડસ્ટ્રીઝ એરીયા ,મીરા ઉદ્યોગ જોન ,રાધા મીરા ૧,૨ ઈન્ડસ્ટ્રીઝ ઝોન એન.બી. ઈન્ડસ્ટ્રીઝ ઝોન સુવર્ણ ભૂમિ ઈન્ડસ્ટ્રીઝ આમ અલગ અલગ એરીયા ખોખરદર નદીના પુલ અને આજી નદીના પુલની વચ્ચે આવેલા છે વોર્ડ નંબર ૧૫ ના આ અલગ અલગ એરીયા છે અને હજી પણ અમુક એરીયા નવા ડેવલપ થવા જઈ રહ્યા છે આ તમામ વિસ્તાર ના લોકો ને કાયમી ધોરણે હાઈવે ખરાબ છે અને સર્વિસ રોડ ખરાબ છે તો ટ્રાફિકનો સામનો કરવો પડે અને રોડ ઉપર વધારે ખાડા હોવાથી ત્યાં દરરોજ કાયમી ધોરણે અકસ્માત ના બનાવો પણ અનેક બને છે.

આ વિસ્તારમાં આવવા-જવા માટે લગભગ ૧૫ વર્ષ થી અત્યાર સુધી કોઈ પણ પ્રકારની વ્યવસ્થા જ નથી. તો શું આ બાજું રહેતા લોકો ને કાયમી માટે પોતાના અને પોતાના સંતાનો ના જીવ ને જોખમ માં મુકિનેજ આ રસ્તા પરથી પસાર થવાનું ?



હયાત પરિસ્થિતિ પ્રમાણે આ બાજુ આવેલા વિસ્તાર મા જવા માટે ના ઈચ્છવા છતાં ફરજિયાત ઊંધી દીશા માં પોતાના વાહનો ચલાવી ને પસાર થવું પડે છે. બાળકો ને શાળા એ મુકવા-તેળવા ફરજિયાત ઊંધી દીશા માં પોતાના અને તથા મુકવા-તેળવા આવતા વાહનો ને પણ ફરજિયાત ઊંધી દીશા માં પોતાના વાહનો ચલાવી ને પસાર થવું પડે છે.

હાલ માં ખોખડ દળ નદીના પુલ ઉપર એટલા પ્રમાણ માં ટ્રાફિક જામ ની સમસ્યા સર્જાય છે,જે કાયમી માટે માથા ના દુખાવા સમાન થઈ ગઈ છે. અંદાજિત ૨ થી ૩ કી.મી. ટ્રાફિક જામ ની સ્થીતી સવાર સાંજ સર્જાય છે. હાલ માં ખોખડ દળ નદી ના પુલ ઉપર તેમજ આસપાસ ના રોડ ઉપર કાયમી માટે દરરોજ એક થી બે અકસ્માત તો થતાજ રહે છે. જેને લીધે અનેક લોકો એ અકસ્માત માં પોતાના ઘર નાં આધાર સ્તંભ એવા સ્વજનો ના જીવ ગુમાવેલા છે,તો પણ કોઈ પણ સરકારી કચેરી ના અધિકારીઓ નું પેટ મા પાણી પણ હલતું નથી. તો શું તંત્ર હજી કોઈ મોટી દુર્ઘટના કે અકસ્માત ની રાહ જોઈ ને બેઠી છે કે શું તેજ સમજાતું નથી.

આ બાજુ આવેલા વિસ્તાર માં જવા-આવવા માટે લગભગ ૧૫ વર્ષ થી અત્યાર સુધી કોઈ પણ પ્રકાર ની વ્યવસ્થા જ નથી તો પણ મહાનગર પાલિકા સ્માર્ટ સીટીના નામે લાખો રૂપિયા વેરો ઉઘરાવે છે. રાષ્ટ્રીય ધોરી માર્ગ નું નિર્માણ થઇ રહ્યું છે જેને લીધે હુડકો ચોકડી થી માંડી ને આજી ડેમ ચોકાડી સુધી અત્યંત ભય જનક મુશ્કેલી નો સામનો કરવો પડી રહ્યો છે,તેનો જાતે સમય આપી ને સ્થળ નિરીક્ષણ માટે હાજરી આપે અને આ સમસ્યા નો કાયમી ઉકેલ આવે એના માટે યોગ્ય નિર્ણય આપી ને આગળ ની વ્યવસ્થા માં સાથ આપે તેવી રજૂઆત કરવામાં આવી હતી.

# સિધ્ધેશ્વર ઢોસા, ગાયત્રી મદ્રાસ કાફેના નમુના ફેઈલ

## આરોગ્ય વિભાગ એ ૨૨ પેઢીઓ પર હાથ ધરી તપાસ : લેવાયા ૧૯ નમુના






રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકાના ફૂડ વિભાગ દ્વારા 'સીધેશ્વર ઢોસા', નાનામવા સર્કલ પાસે, નાનામવા રોડ, RMC આરોગ્ય કેન્દ્ર સામે, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ 'બટર (લુઝ)' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં B.R.READING AT 400 C મિલ્ક સોલીડ નોટ ફેટ ની માત્ર ધારાધોરણ કરતાં વધુ, રીચર્ટ વેલ્યૂ ધારા ધોરણ કરતાં ઓછી તથા તીલ ઓઈલની હાજરી હોવાથી નમૂનો 'સબસ્ટાન્ડર્ડ' (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા 'ગાયત્રી મદ્રાસ કાફે', તીર્થ એપાર્ટમેન્ટ. ગ્રા.ફ શોપ નં.૦૧ થી૦૪, કાર્તિક પાર્ટી પ્લોટ, ૮૦ ફૂટ રોડ, જૂના મોરબી રોડ પાસે, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ 'ANMOL SUPER REFINED KAPAASIYA TEL (FROM 15 KG PKD TIN)' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં B.R.READING AT 400 C, આયોડિન વેલ્યૂ ધારા ધોરણ કરતાં વધુ તથા કોટન સીડ ઓઈલના ટેસ્ટમાં કપાસિયા તેલની ગેરહાજરી મળી આવતા નમૂનો 'સબસ્ટાન્ડર્ડ'(ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા 'શ્યામ ડેરી પ્રોડકટસ', વિવેકાનંદનગર, શેરી નં.૦૯ ખૂણો, કોઠારીયા રોડ, રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ 'SAVARIYA LOW FAT PANEER (FROM 5 KG PKD)' નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં મિલ્ક ફેટનું પ્રમાણ ધારા ધોરણ કરતાં વધુ તથા રીચર્ટ વેલ્યૂ ધારા ધોરણ કરતાં ઓછી મળી આવેલ હોવાથી નમૂનો 'સબસ્ટાન્ડર્ડ' (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે.

ફૂડ વિભાગ દ્વારા 'CRYTAL BEVERAGES', પરશુરામ ઈન્ડ. એરિયા-૧, શેરી નં.૦૧, માંડા ડુંગર, અજય વે-બ્રિજ સામે,રાજકોટ મુકામેથી લેવામાં આવેલ ખાદ્યચીજ 'BILLKING' PACKAGED DRINKING WATER (500 ML PKD BOTTLE) નો નમૂનો તપાસ બાદ પૃથ્થકરણ રિપોર્ટમાં એરોબિક માઈક્રોબિયલ કાઉન્ટની માત્રા ધારાધોરણ કરતાં વધુ આવેલ હોવાથી નમૂનો 'સબસ્ટાન્ડર્ડ' (ફેઈલ) જાહેર થયેલ છે. જે અંગે એજયુડિકેશન કાર્યવાહી કરવામાં આવશે. ફૂડ વિભાગની ટીમ તથા FSW વાન સાથે શહેરના માંડા ડુંગર-આજીડેમ વિસ્તારમાં આવેલ ખાદ્યચીજોનું વેચાણ કરતાં કુલ ૨૨ ધંધાર્થિઓની ચકાસણી હાથ ધરવામાં આવેલ. જેમાં ૧૨ ધંધાર્થિઓને લાઈસન્સ બાબતે સૂચના આપવામાં આવેલ.તેમજ ખાધ્ય ચીજોના કુલ ૧૯ નમૂનાની સ્થળ પર ચકાસણી કરેલ.

મહાનગરપાલિકા ના આરોગ્ય વિભાગ દ્વારા લાયસન્સ બાબતે એમ. ડી માર્ટ, જય ખોડીયાર ફરસાણ, ખાટું શ્યામ દાળ પકવાન, શક્તિ કૃપા ફરસાણ, દ્વારકેશ ડેરી ફાર્મ, રાધે ક્રિષ્ના ડેરી ફાર્મ, યશસ્વી પ્રોવીઝન સ્ટોર, ધાર્મિ મેડિસન, ગણેશ મેડીકલ સ્ટોર, બાલાજી ખમણ, ગોકુલ કેરીનો રસ, મિલન ખમણને નોટિસ પાઠવવામાં આવી હતી. આગામી દિવસોમાં આરોગ્ય વિભાગ દ્વારા હજુ પણ અનેકવિધ ખાદ્ય ખોરાકનું વેચાણ કરતા વક્તા ઉપર તપાસ હાથ ધરશે જેથી લોકોનું સ્વાસ્થ્ય જોખમાય નહીં આટલા કડક પગલાં લેવા છતાં આજે પણ બહારનો ખોરાક લેવો લોકો માટે હિતાવવા નથી કારણ કે પૃથકરણ અર્થે જે નમુના લેવામાં આવી રહ્યા છે તે આજે પણ ફેલ થાય છે.

# ગુંદાળામાં યુનિટી માર્ચ

## ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાઈ પદયાત્રા








રાજકોટ, તા. ૧૮

અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે સમગ્ર દેશમાં ભવ્ય ઉજવણી થઈ રહી છે, ત્યારે રાજકોટ જિલ્લામાં વિધાનસભા વિસ્તાર મુજબ અલગ અલગ 'યુનિટી માર્ચ' કાર્યક્રમ યોજવામાં આવી રહી છે.

આજરોજ ૭૩ - ગોંડલ વિધાનસભા વિસ્તારની પદયાત્રા ગોંડલના ધારાસભ્ય ગીતાબા જાડેજાના અધ્યક્ષસ્થાને ગુંદાળા ગામેથી પ્રારંભ થઈ હતી. કાર્યક્રમના પ્રારંભે ધારાસભ્ય ગીતાબા જાડેજાએ સરદાર વલ્લભભાઈ પટેલને સ્મરણાંજલિ અર્પી જણાવ્યું હતું કે, સરદાર વલ્લભભાઇ પટેલે સમગ્ર ભારતને એક તાંતણે બાંધવાનુ ભગીરથ કાર્ય કર્યું છે. આઝાદી પછી ૫૬૨ રજવાડાઓને દેશમાં ભેળવીને અખંડ ભારત બનાવ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદીએ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' પહેલ કરી છે. ત્યારે આપણે સૌ દેશવાસીઓએ પ્રધાનમંત્રીના સ્વપનને પરિપૂર્ણ કરવા સ્વદેશી અભિયાન સ્વચ્છતા અભિયાન સહિત અભિયાનમાં સહભાગી બનીએ તેમ ગીતાબાએ એકતાનો સંદેશ આપતા જણાવ્યું હતું. મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગુંદાળા ગામથી પાટીદડ ગામ વચ્ચે આયોજિત એકતા રેલીમાં સરદાર પટેલ એકતા રથને સૌ મહાનુભાવોએ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. યાત્રાના પ્રારંભે સૌએ એકતાના શપથ લીધા હતા.

'હર ઘર સ્વદેશી ઘર ઘર સ્વદેશી', 'ચાલો એકતાનો સંદેશ પ્રસરાવીએ', 'રાષ્ટ્રના ઉત્થાન માટે સમર્પિત થઈએ' નો સંદેશો આપતા બેનર સાથે શાળા કોલેજના છાત્રો, એન.સી.સી. કેડેટ્સ, પોલીસ વિભાગના જવાનોએ રેલીમાં ઉત્સાહપુર્ણ ભાગ લીધો હતો.

પદયાત્રાનું અનિડા ભાલોડી ગામ ખાતે ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આગેવાનોએ રથમાં બિરાજમાન સરદારની પ્રતિમાને ફુલહાર પહેરાવ્યા હતા. પદયાત્રીઓને પાણી, ચા તેમજ ઠંડા પીણા પૂરા પાડી ગ્રામજનોએ ઉત્સાહ દર્શાવ્યો હતો. આ પદયાત્રામાં તાલુકા પંચાયત સભ્ય હિરેનભાઈ ગામી, અગ્રણીઓ સર્વ પ્રશાંતભાઈ વાળા, અશ્વિનભાઈ ઠુંમર, રીનાબેન ભોજાણી, પરિતાબેન ગણાત્રા, જેન્તીભાઈ પરમાર, ચિરાગભાઈ ઢોલ, પ્રાંત અધિકારી રાહુલ ગમારા, ગોંડલ ચીફ ઓફિસર, મામલતદાર , ગોંડલ તાલુકા પોલીસ ઈન્સ્પેક્ટર ડોડીયા સહિત અધિકારીઓઓ, પદાધિકારીઓ તેમજ નગરજનો ઉત્સાહભેર જોડાયા હતા.

# નવાગામ IOC પ્લાન્ટમાં આગ

## આગ કાબૂમાં ન આવતા લેવલ-૩ ઈમરજન્સી જાહેર કરાઈ, મોકડ્રીલ હોવાનું ખૂલ્યું

રાજકોટ, તા. ૧૮

રાજકોટમાં નવાગામ ખાતે આવેલા ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશનના બોટલિંગ પ્લાન્ટમાં ગઈકાલે સવારે ૧૧.૩૪ કલાકે એલ.પી.જી. ટેન્કર ખાલી કરતી વખતે ગેસ લીક થયો અને પછી આગ ભભૂકી ઊઠી. જેના કારણે સાયરનો ગુંજી ઊઠી અને આગને નિયંત્રણમાં લેવા દોડધામ મચી ગઈ. આગ વિકરાળ બનતા લેવલ-૩ની ઈમરજન્સી જાહેર કરાઈ હતી. સૌથી પહેલા કંપનીની સ્થાનિક ફાયર શમનની ટીમે વિવિધ ફાયર એક્સ્ટીંગ્યુશરનો ઉપયોગ કરીને આગ બુઝાવવા પ્રયાસ કર્યા. જો કે આગ કાબૂમાં ના આવતા અંતે આસપાસના ઉદ્યોગો તેમજ ૧૧૨ હેલ્પલાઇન નંબર પર કોલ કરીને પોલીસ, ફાયર બ્રિગેડ તથા એમ્બ્યુલન્સની ટીમને જાણ કરવામાં આવી. દરમિયાન કંપનીમાં કામ કરતા આશરે ૧૨૦થી વધુ કર્મચારીઓને પ્લાન્ટમાંથી સલામત રીતે બહાર લઈ જવાયા હતા.




બીજીતરફ પોલીસ, ફાયર બ્રિગેડની ટીમો અને ૧૦૮ એમ્બ્યુલન્સ ગણતરીની મિનિટોમાં જ પહોંચી ગઈ. ફાયર બ્રિગેડની ટીમે આવીને આગ બુઝાવવાની કવાયત શરૂ કરી. દરમિયાન પોલીસ, આર.ટી.ઓ.ની ટીમે વાહન વ્યવહારની વ્યવસ્થા સંભાળી તેમજ નજીકમાં એકઠી થયેલી ભીડને નિયંત્રણમાં રાખી હતી. આ સાથે એન.ડી.આર.એફ.ની ટીમ પણ પહોચી ગઈ અને પી.પી.ઈ. કીટ પહેરીને દુર્ઘટના ક્ષેત્રમાં જઈને ગેસથી અસર પામેલા ચારેક જેટલા લોકોનું બચાવ કાર્ય શરૂ કર્યું. અડધા કલાકની કવાયત બાદ અંતે આગ કાબૂમાં લેવાઈ. દરમિયાન એસ.ડી.આર.એફ.ના જવાનો પણ ખડે પગે રહ્યા હતા.

આખરે આ સમગ્ર કવાયત મોકડ્રીલ હોવાનું સામે આવ્યું હતું. જિલ્લા વહીવટી તંત્રની ડિઝાસ્ટર મેનેજમેન્ટ શાખા, તેમજ જિલ્લા ઔદ્યોગિક સલામતી અને આરોગ્ય કચેરીના સંયુક્ત નિયામકની ટીમ દ્વારા આઈ.ઓ.સી.એલ.ના નવાગામ ખાતે આવેલા પ્લાન્ટમાં અગ્નિશમન ક્ષમતા અને સજ્જતા ચકાસવા આ મોકડ્રીલ કવાયત યોજવામાં આવી હતી. આ તકે જિલ્લા ઔદ્યોગિક સલામતી અને આરોગ્યના નાયબ નિયામક એન.વી.ચૌધરી, ડિઝાસ્ટર મામલતદાર મીરા જાની, આર.ટી.ઓ. અધિકારી કેતન ખપેડ, જી.પી.સી.બી.ના સાયન્ટિફિક ઓફિસર દશરથ પટેલ, એન.ડી.આર.એફ.ના અનુપમજી, પોલીસ તેમજ એસ.ડી.આર.એફ.ના અધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# બાવનમી વર્ષગાંઠે મનપા યોજશે બોલીવુડ નાઈટ

## વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને પ્રતિષ્ઠિત 'મેયર એવોર્ડ' થશે એનાયત

રાજકોટ, તા. ૧૮

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્થાપનાની ૫૨-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આજે રાત્રે ૮ કલાકે કવિ રમેશ પારેખ રંગ દર્શન, રેસકોર્ષ ખાતે સુપ્રસિદ્ધ બોલિવૂડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત બોલિવુડ મ્યુઝિકલ નાઈટ યોજાશે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા સ્થાપનાની ૫૨-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે રેસકોર્ષ ખાતે તડામાર તૈયારીને આખરી ઓપ આપવામાં આવ્યો. રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ જણાવ્યું કે, રાજકોટ મહાનગરપાલિકાની સ્થાપનાની ૫૨-મી વર્ષગાંઠની ઉજવણીના ભાગરૂપે આજે રમેશ પારેખ રંગ દર્શન, રેસકોર્ષ ખાતે સુપ્રસિદ્ધ બોલિવુડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત ભવ્ય બોલિવુડ મ્યુઝિકલ નાઈટ કાર્યક્રમનું આયોજન કરેલ છે.





વિશેષમાં, વિવિધ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન આપનાર મહાનુભાવોને પ્રતિષ્ઠિત 'મેયર એવોર્ડ' એનાયત કરી સન્માનિત કરવામાં આવશે તેમજ સ્વચ્છ-હરિયાળું-રંગીલું રાજકોટ દિવાળી ઉત્સવ રંગોળી સ્પર્ધાના વિજેતાઓને ઈનામ વિતરણ પણ આ કાર્યક્રમમાં કરવામાં આવનાર છે. આ કાર્યક્રમનું દિપ પ્રાગટ્ય કૃષિ અને ખેડૂત કલ્યાણ, તથા સહકાર ક્ષેત્રના અને રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી ના વરદ હસ્તે કરવામાં આવશે . આ કાર્યક્રમ મેયર નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને યોજાશે.

આ કાર્યક્રમના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તડામાર તૈયારી શરૂ કરવામાં આવેલ છે. જેમાં, મંડપ, લાઈટ્સ સાઉન્ડ, બેઠક વ્યવસ્થા, પાર્કિંગ, સુરક્ષા વગેરે જેવી કામગીરી સુવ્યવસ્થિત રીતે થાય તે માટે અધિકારીઓ અને તેના તાબા હેઠળના કર્મચારીઓને કામગીરી સુપ્રત કરવામાં આવેલ છે.

આ કાર્યક્રમમાં સુપ્રસિદ્ધ બોલિવુડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત ભવ્ય બોલિવુડ મ્યુઝિકલ નાઈટમાં તેઓ પોતાના મધુર કંઠે જા રાંઝણ રાંઝણ (દો પતિ), હમસફર (સૈયારા), બેખયાલી (કબીર સિંહ), મેરે સોણીયા (કબીર સિંહ), શિવ તાંડવ (આલ્બમ), રામ સિયા રામ (આદિપુરુષ), ઓ માઇયા મેનુ યાદ આવે (જી), મલંગ સજના (આલ્બમ) વગેરે જેવા અનેક સુપ્રસિદ્ધ ગીતોથી શહેરીજનોને ડોલાવશે. રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા શહેરીજનોને આ સુપ્રસિદ્ધ બોલિવુડ સિંગર સચેત અને પરંપરા પ્રસ્તુત ભવ્ય બોલિવુડ મ્યુઝિકલ નાઈટ માણવા રંગીલી રાજકોટની જનતાને આમંત્રણ પાઠવાયું છે.

રાજકોટ મિરર તંત્રીની કલમે

# ‘સૂર્ય’નો તાપ

## લાંચ પરંપરામાં પ્રેરક પગલું



સામાન્ય અને સત્તાવાર કામ પણ લાંચ કે ભલામણ વગર થતા નથી. ખુશ કરીને કામ કરાવો, એ પરંપરા બની ગઇ છે. આ કારણે લાંચિયા તત્વોને મોજે દરિયા થઇ ગયા છે. લાંચની વ્યાપક પરંપરાના કારણે ત્રાહીમામ લોકો માનવા લાગ્યા છે કે, આખું તંત્ર ભ્રષ્ટ છે. વાસ્તવમાં કંઇ જ સો ટકા સારું કે સો ટકા ખરાબ હોતું નથી. ઘણાં સ્થાને તંત્રમાં નિષ્ઠા-સંસ્કાર-ખાનદાની ધબકતા હોય છે, આખું તંત્ર ખરાબ છે, તેમ માની લેવું એ સૂકા ભેગું લીલું પણ બાળી નાખવા જેવું છે.

રાજકોટ મહાનગરપાલિકાના તંત્ર અંગે મન મૂકીને વખાણ કરી શકાય તેમ નથી. તંત્ર મોટાભાગનું ભ્રષ્ટ હોવાનો અનુભવ રાજકોટવાસીઓને થઇ ગયો છે. જો કે, ખારા રણમાં મીઠી વીરડી દરેક જગ્યાએ જોવા મળે છે.

આવાસ યોજનાના મેનેજર સૂર્યપ્રતાપસિંહે પોતાની ઓફિસમાં પોસ્ટર લગાવીને લખ્યું કે મને તગડો પગાર મળે છે, લાંચ આપીને મારું અપમાન કરશો નહિ. કામ કરું ત્યારે થેન્ક્યૂ પણ કહેશો નહિ...


વર્તમાન સમય એવો છે કે, લાંચ લઇને કામ કરીને આપે તે અધિકારી-કર્મચારીને પ્રામાણિક માનવામાં આવે છે. ઘણાં એવા છે, જે કટકટાવીને પછી પણ કામ નથી કરતા. આવા માહોલમાં સૂર્યપ્રતાપસિંહનો પ્રયોગ સલામ ભરવા મજબૂર કરે છે.

આ ‘સૂર્ય’નો તાપ પ્રેરક છે. વાત પણ સાચી જ છે. સત્તાવાર કામ કરવામાં લાંચ તો ન જ હોય, તેનો આભાર માનવાની પણ જરૂરી હોતી નથી. જે તે અધિકારી-કર્મચારીને કામ કરવાના પૈસા મળે છે. આ બાબત આદર્શ છે. પરંતુ, તેનો વાસ્તવિક અમલ થાય તેવી કલ્પના કરવી પણ મુશ્કેલ છે. આ સ્થિતિમાં સૂર્યપ્રતપાજીએ કરી દેખાડ્યું છે.

આ માનસિકતાનું તેજ એટલું ઝળહળતું હોય છે કે, સૂર્યપ્રતાપજી અન્ય માટે તાપવાળા ન બની જાય તેવી પ્રાર્થના લોકોએ  કરવી જોઇએ. માહોલ એટલો ખરાબ છે કે, સારા અને સાચા માણસને અનહદ પરેશાન કરીને તેને દૂર થવા મજબૂર કરે અથવા પ્રવાહમાં ભળી જવ દબાણ લાગે... પ્રામાણિક અધિકારીઓ-કર્મચારીઓનું પીઠબળ લોકો બનવા જોઇએ.

સૂર્યપ્રતાપસિંહ બીએસએફના આસિસ્ટન્ટ કમાન્ડર રહી ચૂક્યા છે. તેઓએ દેખાડેલી કાર્યનિષ્ઠાથી ભારતીય સૈન્ય પર માન વધી ગયું છે. આવા નિષ્ઠાવાન લોકો તંત્રના બ્રાન્ડ એમ્બેસેડર બનવા જોઇએ. માત્ર રાજકોટ, ગુજરાત માટે જ નહિ, તેઓ ભારત માટે પ્રેરક બન્યા છે.

બ્રાન્ડ એમ્બેસેડર ન બનાવો તો કંઇ નહિ, તેઓને પરેશાન ન કરતા તેવી પ્રાર્થના છે...





# સંમતિ વિના વ્યક્તિગત માહિતીનો ઉપયોગ નહીં

## ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમોમાં શું શામેલ છે તે જાણવુ જરૂરી

નવીદિલ્હી, તા. ૧૮

કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારે તાજેતરમાં ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) એક્ટ, ૨૦૨૫ ને સૂચિત કર્યું છે. આ એક્ટ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ, ૨૦૨૩ (DPDP એક્ટ) ના સંપૂર્ણ અમલીકરણની જોગવાઈ કરે છે. આ એક્ટ અને નિયમો ડિજિટલ પર્સનલ ડેટાના યોગ્ય ઉપયોગ અંગે માહિતી પ્રદાન કરે છે. આ નિયમો વ્યક્તિગત અધિકારો અને કાયદેસર ડેટા પ્રોસેસિંગ પર સમાન રીતે ધ્યાન કેન્દ્રિત કરે છે. DPDP નિયમો બનાવવા માટે સરકારને ૬,૯૧૫ ઇનપુટ્સ પ્રાપ્ત થયા. નવા નિયમોથી જનતાને નોંધપાત્ર ફાયદો થશે, કારણ કે તેમની સંમતિ વિના કોઈપણ માહિતીનો ઉપયોગ કરવામાં આવશે નહીં.



સરકાર વતી DPDP કાયદો બનાવવા માટે, ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રાલયે ડ્રાફ્ટ નિયમોને અંતિમ સ્વરૂપ આપતા પહેલા લોકોના અભિપ્રાય માંગ્યા હતા. વધુમાં, રાજધાની દિલ્હી ઉપરાંત મુંબઈ, ગુવાહાટી, કોલકાતા, હૈદરાબાદ, બેંગલુરુ અને ચેન્નાઈમાં આ સંબંધિત ખાસ સત્રો યોજાયા હતા. આ સત્રોમાં સ્ટાર્ટઅપ્સ, MSMEs, વિવિધ નાગરિક સમાજ જૂથો અને સરકારી વિભાગોના વ્યક્તિઓએ હાજરી આપી હતી, જેમણે તેમના સૂચનો આપ્યા હતા. કુલ ૬,૯૧૫ સૂચનો પ્રાપ્ત થયા હતા. અંતિમ નિયમો બનાવતી વખતે આ સૂચનો ધ્યાનમાં લેવામાં આવ્યા હતા. ૧૪ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) નિયમો, ૨૦૨૫ ની સૂચના સાથે, દેશમાં હવે ડેટા સુરક્ષા માટે એક વ્યવહારુ અને નવીનતા-મૈત્રીપૂર્ણ સિસ્ટમ છે. આ નવી સિસ્ટમ ડિજિટલ મુદ્દાઓની સમજ સુધારવામાં મદદ કરે છે અને પાલનને પ્રોત્સાહન આપે છે, સાથે સાથે વધતી જતી ડિજિટલ ઇકોસિસ્ટમમાં વિશ્વાસને પણ મજબૂત બનાવે છે.

ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન નિયમો, ૨૦૨૫, ૨૦૨૩ ના DPDP કાયદાને સંપૂર્ણપણે અમલમાં મૂકે છે. આ નિયમો દેશના ઝડપથી વિકસતા ડિજિટલ વાતાવરણમાં વ્યક્તિગત ડેટાને સુરક્ષિત રાખવા માટે એક સ્પષ્ટ અને વ્યવહારુ સિસ્ટમ બનાવે છે. નિયમોનો હેતુ ડેટાના અનધિકૃત વ્યાપારી ઉપયોગને રોકવા, ડિજિટલ નુકસાન ઘટાડવા અને નવીનતા માટે સલામત વાતાવરણ બનાવવાનો છે. આ નવા નિયમો દેશને મજબૂત અને વિશ્વસનીય ડિજિટલ અર્થતંત્ર જાળવવામાં પણ મદદ કરશે. સરકારે નવા નિયમોના તબક્કાવાર અમલીકરણ માટે ૧૮ મહિનાનો સમયગાળો નક્કી કર્યો છે. આનાથી સંસ્થાઓને તેમની સિસ્ટમોને સમાયોજિત કરવા અને જવાબદાર ડેટા પ્રથાઓ અપનાવવા માટે પૂરતો સમય મળશે. દરેક ડેટા વિશ્વાસપાત્રને સરળતાથી સમજી શકાય તેવી અલગ સંમતિ સૂચના જારી કરવાની જરૂર પડશે. નોટિસમાં તે ચોક્કસ હેતુ પણ જણાવવો આવશ્યક છે જેના માટે વ્યક્તિગત ડેટા એકત્રિત અને ઉપયોગમાં લેવામાં આવી રહ્યો છે. સંમતિ વ્યવસ્થાપકો, જે લોકોને તેમની સંમતિનું સંચાલન કરવામાં મદદ કરે છે, તેઓ ભારત સ્થિત કંપનીઓ હોવા જોઈએ.

### આગામી ધુમ્મસભર્યા મોસમને ધ્યાનમાં રાખીને BSF એ સરહદ પારની દાણચોરીની પ્રવૃત્તિઓને રોકવા માટે દેખરેખ વધારી

# BSFએ પાકિસ્તાનના ૨૫૫ ડ્રોન તોડ્યા



નવીદિલ્હી, તા. ૧૮

ભારતીય સેના પાકિસ્તાનના નાપાક ઈરાદાઓને સતત નિષ્ફળ બનાવી રહી છે. આ વર્ષે, બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) એ હેરોઈન અને હથિયારોની દાણચોરી કરવાના ઈરાદા સાથે પાકિસ્તાનથી આવેલા ૨૫૫ ડ્રોનને તોડી પાડ્યા છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સ (પંજાબ ફ્રન્ટિયર) ના એક વરિષ્ઠ અધિકારીએ સોમવારે જણાવ્યું હતું કે આગામી ધુમ્મસભર્યા મોસમને ધ્યાનમાં રાખીને BSFએ સરહદ પારની દાણચોરીની પ્રવૃત્તિઓને રોકવા માટે દેખરેખ વધારી છે. BSFએ ખાતરી કરવા માટે કામ કરી રહ્યું છે કે ભારતની સરહદ હવાઈ અને જમીન બંને રીતે સુરક્ષિત રહે. પાકિસ્તાન વધતી ઠંડી અને ધુમ્મસનો ઉપયોગ સરહદી દાણચોરીની પ્રવૃત્તિઓમાં વધારો કરવા માટે કરી શકે છે. અમૃતસરમાં મીડિયા સાથે વાત કરતા, BSFના ઇન્સ્પેક્ટર જનરલ અતુલ ફુલજેલેએ જણાવ્યું હતું કે ધુમ્મસભર્યા હવામાન દરમિયાન દૃશ્યતા નબળી હોય છે, જેનો દાણચોરો ડ્રોનનો ઉપયોગ કરી શકે છે. દાણચોરો ઘણીવાર શિયાળાના ધુમ્મસનો લાભ લઈને ભારતીય સરહદમાં પ્રતિબંધિત વસ્તુઓની દાણચોરી કરી શકે છે. અતુલ ફુલજેલેએ જણાવ્યું હતું કે આ સમસ્યાને ઉકેલવા માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. ધુમ્મસ દરમિયાન ખાસ દેખરેખ સાધનોનો ઉપયોગ કરવામાં આવશે, અને અમે નદી કિનારાના વિસ્તારોનું નજીકથી નિરીક્ષણ રાખીશું, જે અમારી એકંદર દેખરેખને વધારશે.

પહેલગામ હુમલાના જવાબમાં, ભારતીય સેના દ્વારા હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરમાં સરહદ પરના અનેક આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો હતો. અહેવાલો અનુસાર, આ ઓપરેશનમાં આશરે ૧૦૦ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાનથી આવતા આતંકવાદીઓની કરોડરજ્જુ નોંધપાત્ર રીતે નબળી પડી હતી, જેના કારણે સરહદ પારથી ઘૂસણખોરીમાં ઘટાડો થયો હતો. જો કે, આતંકવાદીઓ ડ્રોનનો ઉપયોગ કરીને દાણચોરીનો પ્રયાસ કરવાનું ચાલુ રાખે છે, જેને આપણા દળોએ ઘણી વખત તોડી પાડ્યું છે અને અનેક દાણચોરી નેટવર્કનો પણ પર્દાફાશ કર્યો છે. ભારતીય સેના અને BSF સતત પાકિસ્તાનના નાપાક કાવતરાઓને નિષ્ફળ બનાવી રહ્યા છે. આ વર્ષે, BSF એ હેરોઈન અને શસ્ત્રોની દાણચોરી માટે પાકિસ્તાનથી આવતા ૨૫૫ ડ્રોનને તોડી પાડ્યા છે. આગામી ધુમ્મસભર્યા મોસમ દરમિયાન દાણચોરીમાં વધારો થવાની ધારણાને ધ્યાનમાં રાખીને, સરહદ પર દેખરેખ વધારવામાં આવી છે.

# બિહારનો કારમો પરાજય સ્વીકારવા વિપક્ષ નથી તૈયાર

## રોબર્ટ વાડ્રાનો દાવો ચૂંટણીઓ નથી યોજાઈ નિષ્પક્ષ : ફરીથી થવું જોઈએ ઇલેક્શન



નવીદિલ્હી, તા. ૧૮

બિહાર ચૂંટણીમાં હાર બાદ, વિપક્ષી પક્ષો ચૂંટણી પ્રક્રિયા પર વિવિધ આરોપો લગાવી રહ્યા છે. NDA ગઠબંધને ૨૪૩ માંથી ૨૦૨ બેઠકો જીતી હતી, અને પહેલીવાર, BJP ૮૯ બેઠકો સાથે બિહારમાં સૌથી મોટા પક્ષ તરીકે ઉભરી આવ્યું. વિપક્ષ બિહાર ચૂંટણીમાં આ પ્રચંડ વિજયને સ્વીકારવા તૈયાર નથી અને SIR સહિત વિવિધ પરિબળોને દોષી ઠેરવી રહ્યું છે. હવે, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધીના પતિ અને ઉદ્યોગપતિ રોબર્ટ વાડ્રા તરફથી એક મોટું નિવેદન આવ્યું છે. વાડ્રાએ બિહાર વિધાનસભા ચૂંટણીમાં ગઉઅના પ્રચંડ વિજય અંગે ગંભીર પ્રશ્નો ઉઠાવ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે ચૂંટણીઓ ‘‘યોગ્ય રીતે યોજાઈ ન હતી‘‘ અને બિહારમાં ફરીથી ચૂંટણીઓ થવી જોઈએ. તેમણે બિહારની હાર બાદ એક આંદોલન શરૂ કરવાની પણ વાત કરી, જેમાં કહ્યું કે તેઓ એક પ્રામાણિક દેશ ઇચ્છે છે જ્યાં લોકો ખુશ હોય.

મીડિયા સાથે વાત કરતા, રોબર્ટ વાડ્રાએ કહ્યું કે લોકોનો ચૂંટણીમાં વિશ્વાસ ઉઠી ગયો છે અને તે હવે તેનો વિરોધ કરશે. તેમણે એમ પણ કહ્યું, ‘‘રાહુલ ગાંધીને જીત કે હારની પરવા નથી; તેઓ દેશને ધર્મનિરપેક્ષ રાખવા માંગે છે. ગમે તેટલી હારનો સામનો કરવો પડે, રાહુલ ગાંધી લડતા રહેશે. તેઓ અટકશે નહીં.‘‘ વિરોધ પ્રદર્શનો અને ચૂંટણી ગોટાળા સામે બોલતા, રોબર્ટ વાડ્રાએ કહ્યું, ‘‘અમે બોલીશું નહીં, પરંતુ મહાસચિવ ચોક્કસ બહાર આવશે.‘‘ તેમણે કહ્યું કે લોકોમાં ઘણો ગુસ્સો છે. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે મહાસચિવ રસ્તાઓ પર ઉતરીને વિરોધ કરશે. લાલુ યાદવના પરિવારમાં ચાલી રહેલા ઝઘડા વિશે બોલતા, વાડ્રાએ કહ્યું કે પરિવારને એક રાખવું અને રાજકારણને બાજુ પર રાખવું ખૂબ જ મહત્વપૂર્ણ છે. ‘‘તેઓએ મને ખૂબ હેરાન કર્યો, તેઓએ મારા કામમાં વિક્ષેપ પાડ્યો, પરંતુ મેં ક્યારેય દેશ છોડવાનું વિચાર્યું નથી.‘‘ તેમણે કહ્યું, ‘‘હું તેમના પરિવાર માટે ફક્ત એટલું જ કહી શકું છું કે, આ શું છે, ચૂંટણી હારવી અને જીતવી? આ પરિવાર એક હોવો જોઈએ; આ ચાલુ રહેશે.

રોબર્ટ વાડ્રાએ આરોપ લગાવ્યો કે ભાજપ એજન્સીઓને નિયંત્રિત કરે છે અને કહ્યું કે ચૂંટણી પંચ ભાજપના ઈશારે કામ કરે છે. વાડ્રાએ ચેતવણી આપી કે જ્યાં સુધી ચૂંટણી પંચને નિયંત્રિત નહીં કરવામાં આવે ત્યાં સુધી તમે આવી જ ચૂંટણીઓ જોશો. તેમણે એમ પણ કહ્યું કે જો આ ચાલુ રહેશે તો લોકો બહાર આવશે અને વિરોધ કરશે. રાહુલ ગાંધી હાલમાં વિદેશમાં છે. તેમણે પૂછ્યું કે જો રાહુલ ગાંધી કોઈ બીમાર વ્યક્તિને મળવા જાય છે, તો શું તેમણે બધાને કહેવું પડશે કે તેઓ બહાર જઈ શકે છે? તેમણે કહ્યું કે રાહુલ એક બીમાર વ્યક્તિને મળવા ગયા છે.

# બાંગ્લાદેશમાં ૧૦૦૦ને કરાયા દેશનિકાલ

## ગેરકાયદેસર રીતે રહેતા લોકોને ડિપોર્ટ કરવા માટે પ્રક્રિયા શરૂ

નવીદિલ્હી, તા. ૧૮

ભારતમાં મોટી સંખ્યામાં બાંગ્લાદેશીઓ રહે છે, જેમાંથી મોટાભાગના ગેરકાયદેસર છે. ગેરકાયદેસર રીતે રહેતા લોકોને દેશનિકાલ કરવામાં આવી રહ્યા છે, આ પ્રક્રિયા ચાલુ છે. મોટી સંખ્યામાં બાંગ્લાદેશી નાગરિકો ફક્ત મુંબઈમાં ગેરકાયદેસર રીતે રહે છે. મુંબઈ પોલીસ કહે છે કે તેઓ માન્ય દસ્તાવેજો વિના રહેતા લોકોને દેશનિકાલ કરી રહ્યા છે, અને આ વર્ષે અત્યાર સુધીમાં ૧,૦૦૦ થી વધુ લોકોને દેશનિકાલ કરવામાં આવ્યા છે. મુંબઈ પોલીસ અધિકારીઓ કહે છે કે આ વર્ષે જાન્યુઆરીથી, તેમણે મહારાષ્ટ્રની રાજધાની મુંબઈમાં રહેતા ગેરકાયદેસર બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સ સામે ૪૦૧ ફોજદારી કેસ નોંધ્યા છે અને તેમાંથી ૧,૦૦૧ ને દેશનિકાલ કરવામાં આવ્યા છે.

તેમની તપાસ દરમિયાન, પોલીસે વિઝા ઉલ્લંઘનની પુષ્ટિ કરી અને પુરાવા એકઠા કર્યા અને મુંબઈના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર રીતે રહેતા શંકાસ્પદ બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી. એક અધિકારીએ જણાવ્યું હતું કે અટકાયત કર્યા પછી, તેમને પુણે લઈ જવામાં આવ્યા અને પછી ખાસ ભારતીય વાયુસેના (IAF) વિમાન દ્વારા બાંગ્લાદેશ સરહદ પર લઈ જવામાં આવ્યા અને સુરક્ષા દળોને સોંપવામાં આવ્યા. અટકાયત કરાયેલા બાંગ્લાદેશીઓ પાસેથી જપ્ત કરાયેલા દસ્તાવેજોની તપાસ કરવામાં આવી અને જાણવા મળ્યું કે આમાંથી ઘણા બાંગ્લાદેશી ઈમિગ્રન્ટ્સે આધાર કાર્ડ સહિત નકલી ભારતીય દસ્તાવેજો મેળવ્યા હતા.

ભારતમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશીઓ સામે સતત ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. રાજધાની દિલ્હીમાં અગાઉ પણ આવી જ ઝુંબેશ શરૂ કરવામાં આવી હતી અને તેમને દેશનિકાલ કરવામાં આવ્યા હતા. જૂનમાં, એક હજારથી વધુ લોકોને દિલ્હીથી બાંગ્લાદેશ મોકલવામાં આવ્યા હતા.



દિલ્હી પોલીસના વરિષ્ઠ અધિકારીઓએ ૧૧ જૂને અહેવાલ આપ્યો હતો કે જાન્યુઆરી ૨૦૨૫ થી ૧,૧૦૦ થી વધુ બાંગ્લાદેશી નાગરિકોને રાજધાનીમાંથી દેશનિકાલ કરવામાં આવ્યા છે, જેમાંથી લગભગ ત્રીજા ભાગના દેશનિકાલ છેલ્લા બે અઠવાડિયામાં થયા છે. ગેરકાયદેસર બાંગ્લાદેશીઓ સામે ઝુંબેશ ગયા વર્ષે ડિસેમ્બરમાં શરૂ કરવામાં આવી હતી. દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેનાએ ત્યારબાદ બિનદસ્તાવેજીકૃત સ્થળાંતર કરનારાઓ સામે કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો હતો.

લેફ્ટનન્ટ ગવર્નરના નિર્દેશ બાદ, દિલ્હી પોલીસે રાજધાનીના દક્ષિણ અને મધ્ય જિલ્લાઓમાં એક વિશાળ ચકાસણી અભિયાન શરૂ કર્યું, ડિસેમ્બર અને જાન્યુઆરી વચ્ચે ૧૬,૦૦૦ થી વધુ લોકોની તપાસ કરી. અધિકારીઓએ જણાવ્યું હતું કે માન્ય દસ્તાવેજો વિના રાજધાનીમાં રહેતા લોકોને ફોરેનર્સ રિજનલ રજિસ્ટ્રેશન ઓફિસ (FRRO) ને સોંપવામાં આવ્યા હતા, અને દેશનિકાલ પ્રક્રિયા ઝડપી બનાવવામાં આવી હતી. પોલીસે વિઝા ઉલ્લંઘનની ચકાસણી અને પુરાવા એકઠા કર્યા પછી મુંબઈના વિવિધ વિસ્તારોમાં શંકાસ્પદ રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોની અટકાયત કરી હતી. એક અધિકારીએ જણાવ્યું હતું કે તેમને પુણે લઈ જવામાં આવ્યા હતા અને પછી ખાસ ભારતીય વાયુસેના (IAF) વિમાન દ્વારા બાંગ્લાદેશ સરહદ પર લઈ જવામાં આવ્યા હતા અને સુરક્ષા દળોને સોંપવામાં આવ્યા હતા.

# દક્ષિણ આફ્રિકાની એ ટીમ સામે આજે છેલ્લો વનડે

## ભારત મેચ જીતી સીરીઝ અંકે કરવા ઉતરશે મેદાને, આફ્રિકા એક મેચ જીતવા કરશે મહેનત : બેંક પ્લેયરને ભારત આપી શકે છે તક

રાજકોટ તા ૧૮

શિયાળાની શરૂઆત થતા ની સાથે જ ક્રિકેટ રસીકો માટે સારા સમાચાર એ છે કે હવે સમયાંતરે વિવિધ ક્રિકેટ સિરીઝનું આયોજન થતું રહેશે. હાલ ભારતની મુખ્ય ટીમ સાઉથ આફ્રિકા સામે ટેસ્ટ સિરીઝ વન ડે સિરીઝ અને ટી ટ્વેન્ટી સિરીઝ રમવાની છે તો તેની સાથે આફ્રિકાની એ ટીમ પણ હાલ રાજકોટના આંગણે ભારતની એ ટીમ સામે બે મેચ રમી ચૂકી છે જેમાં બંને મેચમાં સાઉથ આફ્રિકાનો પરાજય થયો છે. આજે અંતિમ વન-ડે રમાશે ત્યારે ક્લીન સ્વીપથી બચવા માટે આફ્રિકાની ટીમ ખાંસી એવી મહેનત કરશે કારણ કે આફ્રિકાના બેટ્સમેનો તથા બોલરો ભારતીય ટીમને અંકુશમાં રાખી શક્યા નથી તો બીજી તરફ ભારત અંતિમ વન-ડે જીતી સિરીઝ અંકે કરવા મહેનત કરશે. આજે રમાના રોજ છેલ્લો મેચ સવારે ૯:૩૦ વાગ્યે શરૂ થશે ત્યારે ચાલુ દિવસ હોવાના કારણે હાજરી પાંખી હોય તો પણ નવાઈ નહીં.

આજે ભારત અને સાઉથ આફ્રિકા ની એ ટીમ વચ્ચે રાજકોટના નિરંજન ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ત્રીજો અને આખરી વન-ડે મેચ રમાશે. ત્રણ મેચની આ શ્રેણીમાં ભારતે પ્રથમ મેચ ચાર વિકેટ અને બીજો મેચ નવું વિકેટ જીતી લીધો હતો. બે શૂન્યથી શ્રેણીમાં આગળ રહ્યા બાદ ત્રીજા મેચમાં ભારત ક્લીન સ્વીપ તરફ આગળ વધી રહ્યું છે.ભારત અને સાઉથ આફ્રિકા ની એ ટીમેં આજે રાજકોટના નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે નેટ પ્રેક્ટિસ પણ કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રથમ બંને વન-ડે મેચ ડે નાઈટ રમાયા હતા જ્યારે ત્રીજો મેચ ડે મેચ છે. એટલે આ મેચ સવારે ૯:૦૦ વાગે શરૂ થઈ જશે.

સ્વાભાવિક રીતે જ ભારતીય એ ટીમના ખેલાડીઓ ફૂલ ફોર્મ માં રમી રહ્યા છે. જે રીતે



અભિષેક શર્મા અને ખાસ કરીને ઋતુરાજ ગાયકવાડે બેટિંગ કરી છે તે પ્રશંસાને પાત્ર છે. ઋતુરાજ ગાયકવાડે પ્રથમ મેચમાં સદી ફટકાર્યા બાદ બીજા મેચમાં પણ ૬૮ રન કરીને ટીમને વિજય બનાવી હતી. આ બંને ઉપરાંત સુકાની તિલક વર્મા ઈશાન કિશન ,નિશાંત સંધુ હર્ષિત રાણા અર્શદિપસિંહ સહિતના ખેલાડીઓએ પણ પોતાનું કૌવત દાખવ્યું છે.

બીજી તરફ સાઉથ આફ્રિકા માટે આ મેચ મહત્વનો બની રહેશે. કારણ કે પ્રથમ બે મેચ હાર્યા બાદ તેઓ આ મેચમાં જીત માટે મહેનત કરશે. સ્વભાવિક રીતે જ પ્રથમ બે મેચ હાર્યા બાદ તેઓ પણ આ શૃંખલા જીત સાથે પૂરી કરવા માંગે છે.

રાજકોટની બેટિંગ વિકેટ ઉપર સાઉથ આફ્રિકા ના બેટ્સમેનો એ સારી શરૂઆત કરી નથી પહેલા વન-ડે મેચમાં પણ પેલી પાંચ વિકેટ તો માત્ર ૫૪ રનમાં પડી ગઈ હતી પરંતુ ત્યારબાદ સાઉથ આફ્રિકા ની ટીમ ૨૮૬ રન સુધી પહોંચવામાં સફળ રહી હતી. જો કે બીજા મેચમાં ટીમ માત્ર ૧૩૪ રનમાં ઓલ આઉટ થઈ ગઈ હતી.બીજી તરફઆફિકાના બોલરોને પણ રાજકોટની વિકેટ ફાવી નથી. રાજકોટની વિકેટ આમ પણ બેટિંગ વિકેટ માનવામાં આવે છે ત્યારે અહીં માત્ર ઝડપથી નહીં પરંતુ સ્કિલથી વિકેટ લેવી પડતી હોય છે. આવતીકાલે મેચ સવારના સત્રમાં નવ વાગ્યાથી શરૂ થશે ત્યારે ટોસ પણ મહત્વની ભૂમિકા ભજવશે. જે ટીમ છે તે સ્વાભાવિક રીતે જ પહેલા બેટિંગ કરવાનું પસંદ કરશે. પ્રથમ બે મેચની માફક આ મેચ પણ ક્રિકેટ રસિકો માટે ફ્રી છે એટલે કે કોઈપણ ક્રિકેટ ચાહક આ મેચ જોવા ફ્રીમાં એન્ટ્રી લઈ શકે છે. બીજો મેચ રવિવારે હોવાને કારણે પંદરથી વીસ હજાર લોકો મેચ જોવા ઉમટી પડ્યા હતા.

### પાક નુકસાન સહાયની અરજી માટે

# સુલતાનપુરમાં કટકી કરતા ઝડપાયેલા ઓપરેટરને પાણીચુ

### ફરિયાદ મળતા જિલ્લા વિકાસ અધિકારી દ્વારા હાથ ધરાઈ તપાસ સત્ય માલુમ પડતાં જ ફોજદારી કાર્યવાહી કરવા આદેશ



રાજકોટ, તા. ૧૮

રાજ્યમાં થોડા સમય અગાઉ પડેલા કમોસમી વરસાદ બાદ ગુજરાત સરકાર રૂ.૧૦ હજાર કરોડનું પાક નુકસાની સહાય પેકેજ જાહેર કરીને ખેડૂતોની વહારે આવી છે. આ સહાય માટે હાલ અરજીઓ કરવાની પ્રક્રિયા શરૂ છે. આ માટે ખેડૂતો પાસેથી એક પણ રૂપિયો લેવાનો નથી. અરજી માટે થતા ખર્ચના નાણા પણ ગુજરાત સરકાર ચૂકવે છે. જોકે ગોંડલના સુલતાનપુરમાં વી.સી.ઈ. (કમ્પ્યુટર ઓપરેટર) ખેડૂતો પાસેથી અરજી કરવા અરજી દીઠ રૂ. ૧૦૦ લેતા હોવાની બાબત સામે આવતા, જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તાત્કાલિક પગલા લેવામાં આવ્યા છે અને સંબંધિત વી.સી. ઈ. ને તાત્કાલિક અસરથી છૂટા કરવાનો આદેશ કરાયો છે. આ સાથે તેમની સામે ફોજદારી પગલાં લેવા પણ તેમણે નિર્દેશ આપ્યો છે.

નોંધનીય છે કે, કૃષિ રાહત પેકેજ-૨૦૨૫ અંતર્ગત સહાય મેળવવા માટે ખેડૂત ખાતેદારોએ વી.સી.ઇ. મારફત ઓનલાઈન અરજી કરવાની રહે છે. વી.સી.ઇ. ને ડેટા એન્ટ્રી માટે પ્રતિ અરજી દીઠ રૂ. ૨૦ રાજ્ય બજેટમાંથી ચૂકવવાનું ઠરાવવામાં આવ્યું છે. વી.સી.ઇ.એ લાભાર્થી પાસે સહાયની અરજી પેટે કોઈ પણ રકમની માગણી કરવાની રહેતી નથી. જો કોઈ આવી માગણી કરે તો તેની સામે કડક પગલાં લેવાનું પણ ઠરાવવામાં આવ્યું છે.

દરમિયાન ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામના વી.સી.ઈ. શિવભાઈ માલાભાઈ ગોંડલીયા પાક નુકશાનીના વળતરના ફોર્મ ભરવા માટે, દરેક ફોર્મના રૂ.૧૦૦ લેતા હોવાની ફરિયાદ ઊઠી હતી. આ બાબત ધ્યાને આવતા જિલ્લા વિકાસ અધિકારી અનંદુ સુરેશ ગોવિંદ દ્વારા તપાસ કરાવવામાં આવી હતી. જો કે વી.સી. ઈ. અરજીઓ માટે નાણાં લેતા હોવાની માહિતી સાચી હોવાનું સામે આવતા, જિલ્લા વિકાસ અધિકારી દ્વારા તેમને તાત્કાલિક છૂટા કરવાની કાર્યવાહી કરવાનો આદેશ ગોંડલ તાલુકા વિકાસ અધિકારીને કરવામાં આવ્યો છે. ઉપરાંત ગોંડલ તાલુકા વિકાસ અધિકારીને આ બાબતે નિયમોનુસારની ફોજદારી કાર્યવાહી કરવા પણ સૂચના આપવામાં આવી છે. આ સાથે આ પ્રકારની અરજીઓ કરવા માટે વી.સી. ઈએ કોઈ પ્રકારના નાણાં ખેડૂત ભાઈઓ પાસેથી લેવાના થતા નથી અને અન્ય તમામ સબંધીતોને પણ આવી પ્રવૃત્તિ નહિ કરવા કડક સૂચના પણ આપવામાં આવી છે.

# રાજકોટમાં યોજાઈ એકતા પદયાત્રા

### સરદાર પટેલના મૂર્તિમંત કરાયેલા એકતા, અખંડિતતા અને રાષ્ટ્રસેવાના મૂલ્યોને જીવનમાં ઉતારવા અનુરોધ : રૂપાલા








રાજકોટ, તા. ૧૮

સરદાર પટેલની ૧૫૦ મી જન્મ જયંતી નિમિત્તે ૬૮ રાજકોટ(પૂર્વ) વિધાનસભા મતવિસ્તારમાં એકતા પદયાત્રા યોજાઈ હતી. આ પદયાત્રાનું પ્રસ્થાન મોરબી રોડ, જકાતનાકાથી મેયર નયનાબેન પેઢડિયા, સાંસદ પુરુષોતમભાઈ રૂપાલા, ધારાસભ્ય ઉદય કાનગડ અને દર્શિતાબેન શાહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સાંસદ પુરુષોતમભાઈ રૂપાલાએ શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યું હતું કે, વિકસિત ભારતના સપનાને સાકાર કરવા માટે સૌએ એક બનીને આગળ વધવું પડશે. અખંડ ભારતના ઘડવૈયા સરદાર પટેલે સમગ્ર ભારતને એક કરીને એકતાનો સંદેશ આપ્યો હતો ત્યારે દરેક નાગરિકે એકતા, અખંડિતતા અને રાષ્ટ્રસેવાના મૂલ્યોને જીવનમાં ઉતારવા જોઈએ.

ધારાસભ્ય ઉદય કાનગડે જણાવ્યું હતું કે, વડાપ્રધાને વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા 'સ્ટેચ્યૂ ઓફ યુનિટી'ના નિર્માણ થકી સરદાર પટેલને ખરા અર્થમાં શ્રદ્ધાંજલિ આપી છે. વધુમાં તેમણે વિકસિત ભારતના સપનાને સાકાર કરવા સ્વદેશીને પ્રાધાન્ય આપવા પર ભાર મૂક્યો હતો. તેઓએ લોખંડી પુરુષના વિચારોને જન જન સુધી પહોંચાડવા આહ્વાન કર્યું હતું.

મહાનુભાવો દ્વારા સરદાર પટેલની પ્રતિમાને ફૂલહાર પહેરાવી યાત્રાનું પ્રસ્થાન કરાવાયું હતું, મોરબી રોડ જકાતનાકા- ધોળકિયા સ્કૂલ થી થઈને ડી-માર્ટ ચોક (કુવાડવા રોડ) - સેટેલાઈટ ચોક (પેડક રોડ) થી થઈને બાલક હનુમાન ચોક- જલગંગા ચોક( સંતકબીર રોડ) થી થઈને ભાવનગર રોડ કોર્નર - પટેલ વાડી (ભાવનગર રોડ) ખાતે સમાપન કરવામાં આવ્યું હતું. સમાપન વેળાએ સર્વે ઉપસ્થિતોએ સ્વદેશીના શપથ ગ્રહણ કર્યા હતા.

આ પ્રસંગે અગ્રણી માધવ દવે, પૂર્વ ધારાસભ્ય ટપુભાઈ લીંબસિયા, પ્રયાસ સંસ્થાના અગ્રણી પૂજા પટેલ, નિવાસી અધિક કલેકટર એ.કે. ગૌતમ, રમત અધિકારી (શહેર) વી. પી.જાડેજા, રમત અધિકારી (ગ્રામ્ય) રમા મદ્રા, પુરવઠા અધિકારી અજય ઝાપડા, જિલ્લા યુવા વિકાસ અધિકારી હિતેશ દિહોરા સહિતના અધિકારી કર્મચારીઓ તથા શાળાના વિદ્યાર્થીઓ વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ડીઆઇ પાઇપલાઇનમાં ભંગાણ : નવલનગરમાં સ્થિતિ વણસી


### લોકો હેરાન પરેશાન, પેવિંગ બ્લોક પણ ઉખડી ગયા છતાં તંત્રનું ભેદી મૌન

રાજકોટ, તા. ૧૮

હાલ સમગ્ર રાજકોટમાં નવી ડીઆઈ પાઈપલાઈન નાખવાનું કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. પરંતુ કામગીરી નબળી હોવાના કારણે હાલ વિવિધ વિસ્તારોમાં લાઈનમાં ભંગાણ થઈ ગયું છે અને લોકો હેરાન પરેશાન થઈ ચૂક્યા છે આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને હવે સ્થિતિ સુમેળ ભરી બને તે માટે તંત્ર દ્વારા તમામ યોગ્ય પગલા લેવામાં આવશે તેવું હાલ જાણવા મળ્યું છે પરંતુ ગઈકાલે વોર્ડ નંબર ૧૩ માં પાઈપલાઈન તૂટી જતા લોકો હેરાન પરેશાન થઈ ગયા છે અને લીકેજ થતા શેરીઓમાં જે નવા પેવિંગ બ્લોક મુકવામાં આવ્યા હતા તે પણ ઉખડી ગયા અને ઘરમાં પણ પાણી ઘૂસી ગયા ની સ્થિતિ ઊભી થઈ. આ તમામ બાબતોની ગંભીરતા છતાં હજી કામગીરીમાં જે સુધારાઓ જોઈએ તે મહાનગરપાલિકા દ્વારા આવ્યો નથી અને લોકો હેરાન થઈ ગયા હોય તેવું જણાઈ રહ્યું છે.

પૂરા શહેરમાં પાણીની નવી ડીઆઇ પાઇપલાઇનો માટે કરોડોનો ખર્ચ કરવામાં





આવી રહ્યો છે અને અર્ધાથી વધુ શહેર ખોદી પણ નાંખવામાં આવ્યું છે ત્યારે વોર્ડ નં.૧૩માં નવી ડીઆઇ પાઇપલાઇનમાં ભંગાણ પડયાની ઘટના ફરી બહાર આવી છે. આ પાઇપલાઇનમાં લીકેજ થતા શેરીઓમાં પેવીંગ બ્લોક ઉખડી ગયા હતા અને ઘરોમાં પણ પાણી ઘુસી ગયા હતા.

સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૩માં સ્વામિ નારાયણ ચોક વિસ્તાર, નવલનગરમાં થોડા સમય પહેલા ડીઆઇ પાઇપલાઇનનું કામ થયું છે. અંબાજી કડવા પ્લોટ સહિતના વિસ્તારમાં પણ નવી પાઇપલાઇન છે પરંતુ આ પાઇપલાઇન ભાંગતા નુકસાની અને પાણીનો વ્યય થાય છે. આથી આ ખુબ સલામત ગણાતી પાઇપલાઇનના કામમાં શું ભ્રષ્ટાચાર થયો છે તેવો સવાલ કોંગ્રેસે ઉઠાવ્યો છે. વોર્ડના પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન પ્રભાતભાઇ ડાંગરે કમિશનરને લખેલા પત્રમાં જણાવ્યું છે કે નવલનગરમાં પાઇપલાઇન ભાંગી જતા પેવીંગ બ્લોક ઉખડી ગયા હતા. અંબાજી કડવા પ્લોટ સ્વામિનારાયણ ચોકથી આગળ શેરીઓમાં આ પાણી ફરી વળ્યા હતા. તેનાથી પાણીનો વ્યય અને પાઇપલાઇનને નુકસાન પણ થયા છે. આ સામે તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં છે. તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, અવારનવાર પાઇપલાઇનમાં લીકેજ થાય છે પરંતુ કોન્ટ્રાકટર સામે પગલા લેવામાં આવતા નથી. અધિકારીઓને આ માટે સૂચના આપવી જોઇએ. આ વોર્ડમાં આવા પ્રશ્ન વધારે ઉદભવે છે જેથી તપાસ કરીને નિરાકરણ લાવવાની પણ જરૂર હોવાનો મત છે.

# રાજકોટમાં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં ૧૩૫૩ શખ્સો પોલીસના રડારમાં

### પોલીસ તમામ આરોપીઓની સ્થળ પર જઈ મેળવી રહી છે ઝીણવટપૂર્વકની માહિતી




રાજકોટ, તા. ૧૮

દિલ્હી બ્લાસ્ટ બાદ સમગ્ર રાજ્યમાં હાલ વિશેષ ઝુંબેશ ચાલી રહી છે એટલું જ નહીં રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિમાં સંડોવાયેલા લોકોની યાદી બનાવવાનો આદેશ રાજ્યના ડીજીપી દ્વારા કરવામાં આવ્યું ત્યારે આ આદેશના પગલે રાજકોટમાં પણ કામગીરી હાથ ધરાય છે અને આગામી દિવસોમાં અંગેનો રિપોર્ટ પણ ગાંધીનગર ગૃહ વિભાગમાં મોકલી આપવામાં આવશે તેવું હાલ જળાઇ રહ્યું છે. ૩૦ વર્ષનો ડેટા ચકાસી તાકીદે રાજ્ય સરકારને અને ખાસ ગૃહ વિભાગને સુપરત કરવા આદેશ કર્યો છે.

દિલ્હીમાં લાલ કિલ્લા નજીક થયેલા કાર બ્લાસ્ટ અને ફરીદાબાદથી વિસ્ફોટકોની જપ્તી સાથે અલ- ફલાહ યુનિવર્સિટીમાંથી અનેક ડોક્ટરના આતંકી કનેક્શન સામે આવ્યા બાદ ગુજરાત પોલીસે મોટો નિર્ણય કર્યો છે. ગુજરાતના ડીજીપી વિકાસ સહાય એ રાષ્ટ્ર વિરોધી તત્વોની તપાસનો આદેશ આપ્યો છે. સહાયે ગુજરાતની તમામ પોલીસને છેલ્લા ૩૦ વર્ષમાં જેટલા પણ રાષ્ટ્ર વિરોધી ગતિવિધિના કેસ સામે આવ્યા હોય તેનો ડેટા આપવાનો આદેશ કર્યો છે. સહાયે પોલીસને આ ડેટા તપાસીને સબમિટ કરવા માટે ૧૦૦ કલાકનો સમય આપ્યો છે. ડીજીપી વિકાસ સહાયનું કહેવુ છે કે આ આદેશ ગુજરાત એટીએસ દ્વારા સંદિગ્ધ આંતકીઓને પકડવા અને ત્યારબાદ ફરીદાબાદમાં વિસ્ફોટકો મળવાની ઘટના બાદ દિલ્હી બ્લાસ્ટને ધ્યાને રાખીને લેવાયો છે. ડીજીપીએ તેમના આદેશમાં કહ્યુ છે કે પોલીસ તેમના રિપોર્ટમાં એ ચકાસીને જણાવે છે અગાઉ દેશવિરોધી ગતિવિધિઓમાં નામજોગ સામે આવેલા વ્યક્તિઓ હાલ શું કરી રહ્યા છે.

ગુજરાત પોલીસ તરફથી એક્સ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો છે. જેમા ડીજીપી વિકાસ સહાયે તેમના આદેશ વિશે જણાવી રહ્યા છે. જેમા કહેવાયુ છે, ગુજરાત પોલીસે છેલ્લા ૩૦ વર્ષમાં રાષ્ટ્ર-વિરોધી ગતિવિધિઓમાં સામેલ તમામ આરોપીઓની સઘન તપાસ શરૂ કરૂ દીધી છે. પોલીસ ચોકીઓને નિર્દેશ જારી કરી દેવાયા છે કે આ તપાસ આગામી ૧૦૦ કલાકની અંદર પુરી કરી લેવામાં આવે. ગુજરાત પોલીસ દેશ-વિરોધી તત્વોથી દેશની સુરક્ષા માટે સદૈવ સતર્ક છે. ઉલ્લેખનીય છે કે છેલ્લા બે-ત્રણ વર્ષમાં ગુજરાત પોલીસે ISIS અને ISKP સાથે જોડાયેલા મોડ્યુલમાં અનેક આતંકીઓને દબોચ્યા છે. દિલ્હી બ્લાસ્ટ પહેલા ગુજરાત અઝજ એ ચીનથી શિક્ષણ લેનારા હૈદરાબાદના ડોક્ટર સહિત ત્રણ આતંકીને અરેસ્ટ કર્યા હતા. જેમા સામે આવ્યુ હતુ કે આ ડોક્ટરો દેશમાં રાસાયણિક હુમલો કરવાની તૈયારી કરી રહ્યા હતા. જેના માટે તેઓ એરંડાના બીજમાંથી રાઈસીન નામનું ઝેર બનાવી રહ્યા હતા. પોલીસે તેમના હૈદરાબાદ સ્થિત ઘરમાંથી રાઈસીન ઝેર બનાવવનો શસ્ત્ર સરંજામ પણ જપ્ત કર્યો છે. દિલ્હીમાં થયેલા કાર બ્લાસ્ટની આતંકી ઘટના બાદ ગુજરાત રાજ્યના ડીજીપીએ મોટો આદેશ જારી કર્યો છે અને રાજ્યની તમામ ચોકીઓની પોલીસને આદેશ કર્યો છે કે છેલ્લા ૧૦૦ કલાકની અંદર છેલ્લા ૩૦ વર્ષનો ડેટા ચકાસો, અને જણાવો કે દેશ વિરોધી ગતિવિધિના કેસ નોંધવામાં આવ્યા છે.

ડેટીંગ એપથી સંપર્ક કરી પહેલા મીઠી વાતો કરી પછી પ્રેમનો ખેલ ખેલી લગ્નની લાલચ દઇ સર્વસ્વ લૂંટી લીધું

# યુવતિને સોશિયલ મિડીયાથી ફસાવી બ્લેકમેલ કરી બળાત્કાર

## વારંવાર દેહ પીંખ્યોઃ ગર્ભપાત કરાવ્યો, પછી પણ પીછો ન છોડ્યોઃ અંતે યુવતિએ પોલીસ ફરિયાદ કરતાં હવસખોરની થઇ ધરપકડ : બીજી ઘટનામાં બાર વર્ષની બાળા સાથે બળજબરી : આરોપી અને મદદ કરનારા બંને ઝડપાયા

રાજકોટ, તા.૧૮

સોશિયલ મિડીયાથી યુવતિઓ સગીરાઓને ફસાવીને પહેલા મિત્રતા પછી પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી દૂષ્કર્મ આચરી લેવાની અને બાદમાં તરછોડી દેવાની ઘટનાઓ રોજીંદી થઇ ગઇ છે. અવાર-નવાર કોઇને કોઇ બાળા યુવતિઓ અને ક્યારેક પરણેલી સ્ત્રીઓ પણ આવા લેભાગુઓનો શિકાર બની જતી હોય છે. સોશિયલ મિડીયા માધ્યમથી ડેટીંગ એપથી યુવતિને ફસાવી બેભાનીયુ પીણું પાઇ બળાત્કાર ગુજારી લેવાની અને બાદમાં બ્લેકમેલ કરી વારંવાર દેહ પીંખવાની ઘટના સામે આવી છે. પોલીસે ત્વરીત કાર્યવાહી કરી આરોપીને દબોચી લીધો છે. બીજી એક ઘટનામાં બાર વર્ષથી બાળા સાથે બળાત્(ાર ગુજારાયો છે. જેમાં પોલીસે હવસખોર અને મદદ કરનારને પણ પકડી લીધો છે.

પ્રથમ ઘટના પર નજર કરીએ તો વડોદરાના વાઘોડિયા રોડ વિસ્તારમાં સોશિયલ મીડિયા પર મિત્રતા કરી યુવતીને લગ્નની લાલચ આપી પ્રેમજાળમાં ફસાવનાર યુવકે કોલ્ડ્રિંકમાં નશીલો પદાર્થ ભેળવી પીવડાવી બળાત્કાર ગુજાર્યો હતો. આ મામલે બાપોદ પોલીસ મથકમાં ફરિયાદ દાખલ થઇ છે. પોલીસ સુત્રોના કહેવા મુજબ આ યુવકે યુવતીના અશ્લીલ ફોટા-વીડિયો ઉતારી બ્લેકમેલ કરી વારંવાર શારીરિક શોષણ કર્યું હતું, જેના કારણે યુવતી ગર્ભવતી બની હતી. આરોપીએ ખાનગી હોસ્પિટલમાં બળજબરીપૂર્વક ગર્ભપાત પણ કરાવ્યો હતો. છેવટે યુવતીએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે આરોપીની ધરપકડ કરી લીધી છે.



મુળ મધ્ય પ્રદેશના અને હાલ વાઘોડિયા રોડ પરની મહાલક્ષ્મી સોસાયટીમાં રહેતા મયંક શરદ ગુપ્તા નામના સત્યાવીસ વર્ષના શખ્સએ સોશિયલ મીડિયા પર યુવતી સાથે સંપર્ક સાધ્યો હતો. રોજિંદી વાતચીત દરમિયાન મીઠી-મીઠી વાતો કરીને લગ્નનું આશ્વાસન આપી યુવતીનો વિશ્વાસ જીત્યો હતો. ૨૭ જુલાઈના રોજ આરોપીએ યુવતીને પોતાના ઘરે બોલાવી કોલ્ડ્રિંકમાં કેફી દ્રવ્ય ભેળવી પીવડાવ્યું હતું. યુવતી બેભાન થતાંની સાથે જ તેણે બળજબરીપૂર્વક બળાત્કાર ગુજાર્યો અને અશ્લીલ ફોટા તથા વીડિયો ઉતારી લીધા હતા. બાદમાં તેનો ઉપયોગ કરીને યુવતીને ધમકાવી વારંવાર શારીરિક સંબંધ બાંધવા દબાણ કર્યું હતું. આ શોષણના કારણે યુવતી ગર્ભવતી બની હતી. આરોપીએ નિસર્ગ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલમાં બળજબરીપૂર્વક ગર્ભપાત કરાવ્યો હતો. તેમ છતાં યુવકની શારીરિક માગણીઓ બંધ ન થતાં યુવતીએ બાપોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મળતાંની સાથે જ પોલીસે ઝડપી કાર્યવાહી કરી મયંક ગુપ્તાની ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

બીજી ઘટના રાજકોટ જીલ્લાના ગોંડલનાં કેશવાળા પંથકમાં બની હતી. અભ્યાસ કરતી બાર વર્ષની બાળા પર ગામમાં જ રહેતા શખસે દુષ્કર્મ આચરતા બનાવ અંગે બાળકીની માતાએ સુલતાનપુર પોલીસ મથકમાં ફરિયાદ કરતા પોલીસે દુષ્કર્મ કરનાર તથા તેને મદદગારી કરનાર શખસને ઝડપી લઇ કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ કેશવાળા પંથકમાં રહેતી બાળા સાંજે સ્કૂલેથી છુટી ઘરે આવી હતી. તે દરમિયાન બાળાને ગામમાં રહેતાં અજય તથા મયુર ઉર્ફ મયલો ફોસલાવી બાઈકમાં બેસાડી સીમમાં આવેલા વાડી વિસ્તારમાં લઈ જઈ અજયે બાળા પર દુષ્કર્મ કર્યું હતું.

ત્યારબાદં ઘરે પરત ફરેલી બાળાએ પોતાના ભાઈને બનાવ અંગે વાત કરતા સાંજે મજૂરી કામેથી માતા પિતા ઘરે પરત ફરતા તેમને જાણ કરાઈ હતીં દરમિયાન તેની માતાએ સુલતાનપુર પોલીસમાં અજયા તથા તેની મદદગારી કરનાર મયુર ઉર્ફ મયલા સામે ફરિયાદ કરતા પીઆઈ. ખાચરે બંને આરોપીઓને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધર હતી. બનાવ અંગે એસીએસટી સેલના ડીવાયએસપી પટેલે આગળની તપાસ હાથ ધરી હતી. આમ વધુ બે દૂષ્કર્મના કિસ્સા સામે આવી ગયા હતાં. બંને બનાવમાં આરોપીઓને પોલીસે તત્કાળ પકડી લઇ આકરી કાર્યવાહી કરી હવસખોરી ઉતારી નાખી હતી. પરંતુ આવી ઘટનાઓ અટકતી નથી એ હકિકત છે.

---

અમુબ સરકારી બાબુઓ મસમોટા પગાર સિવાય ઉપરની 'મલાઇ'થી કરે છે ગજવા ગરમ

# ઇજનેરની આબરૂ નિલામ અડધા લાખની લાંચમાં ઝડપાયો

## ખેડૂતને ખેતીની જમીનમાં વિજજોડાણ આપવા માટે માંગી હતી લાંચ : રંગેહાથ પકડી લઇ કાર્યવાહી કરવામાં આવી

રાજકોટ, તા. ૧૮

મસમોટા હોદ્દા પર બીરાજના સરકારી બાબુઓ મસમોટો પગાર તો ખાતા જ હોય છે, પરંતુ અમુક એવા હોય છે જેને પગાર ઉપરાંતની વધારાની રકમ પણ ગજવામાં ન પડે ત્યાં સુધી સંતોષ થતો હોતો નથી. સરકારી અર્ધ સરકારી કચેરીઓમાં આવા અનેક બાબુઓ હોય છે જેને પગાર સિવાયની ઉપરની મલાઇ ખાવાની આદત પડી ગઇ હોય છે અને ઉપરના રૂપિયા ન મળે ત્યાં સુધી તે લોકોની, અરજદારોની ફાઇલોને આગળ વધારતા હોતા નથી. પરંતુ ઘણીવાર આવા ખાઉધરા બાબુઓ એન્ટી કરપ્શન બ્યુરોના છટકામાં આવી જાય છે અને એ સાથે જ તેના માભાથી ભરેલું સ્થાન ગાભા જેવું થઇ જાય છે. દરમિયાન વધુ એક આવા ખાઉધરા અધીકારી લાંચના છટકામાં આવ્યા છે. યુજીવીસએલના જુનીયર એન્જીનીયર અડધો લાખની લાંચમાં ઝડપાઇ જતાં ચકચાર મચી ગઇ છે.



વિગતો પર નજર કરીએ તો વડોદરાના વાઘોડિયા રોડના નિવાસી યુજીવીસીએલના જુનિયર એન્જિનિયર ચિંતનકુમાર શૈલેષબાઈ પટેલ લાંચ લેવા જતાં ભ્રષ્ટાચાર વિરોધી એકમના હાથમાં સપડાઈ ગયો છે. ખેડૂતને ખેતીની જમીનમાં વીજ જોડાણ આપવા માટે રૂપિયા પચાસ હજારની લાંચ માંગવી તેને ભારે પડી ગઈ છે. તેને કલ્પના પણ નહીં હોય કે તે આ રીતે પકડાઈ શકે છે. પરંતુ ભ્રષ્ટાચાર વિરોધી એકમની ચુસ્ત કાર્યવાહીએ રંગ રાખતા તેની ધરપકડ થઈ હતી. પાટણમાં આ લાંચ માગનારા યુજીવીસીએલના જુનિયર એન્જિનયર સામે ખેડૂતે ફરિયાદ કરી હતી. ફરિયાદી ખેડૂતે પોતાના ખેતરમાં વીજ જોડાણ કરવા માટે અરજી કરી હતી, તેના માટે યુજીવીસીએલના જુનિયર એન્જિનિયરે લાંચની રકમ માંગી હતી. હવે ખેડૂતને થયું કે મેં કોઈ ગેરકાયદેસરનું કામ કર્યું નથી તો તેના માટે લાંચ કેમ આપું. તેથી તેઓએ પાટણ એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને લેખિતમાં ફરિયાદ પણ આપી હતી.

તેના પગલે પાટણ એસીબીએ રવિવારના રોજ લાંચના છટકાનું આયોજન કર્યુ હતુ. આ લાંચના છટકા દરમિયાન જ આ કામના આરોપીએ ફરિયાદી સાથે વાતચીત કરી લાંચના રોકડ અડધો લાખ રૂપિયા સ્વીકારતા તે રંગે હાથ પકડાઈ ગયો હતો. એસીબીએ આરોપીને અટકાયતમાં લઈને આગળ કાર્યવાહી હાથ ધરી છે. ટ્રેપિંગ અધિકારી તરીકે પોલીસ ઇન્સ્પેક્ટર એમ.જે. ચૌધરી, એસીબી પોલીસ સ્ટેશન પાટણ, સુપરવિઝન અધિકારી કે.એચ. ગોહિલ હતા, જે એસીબી બોર્ડર એકમ ભુજના મદદનીશ નિયામક પણ છે. આ પ્રકારના ખાઉધરા ઠેકઠેકાણે હોય છે, અમુક પકડાઇ જતાં હોય છે અને અમુક ઉપરની મલાઇથી ગજવા ગરમ કરતાં હોય છે. પરંતુ પાપનો ઘડો એક દિવસ તો છલકાતો જ હોય છે.

---

અણધાર્યા મોતના તેડાઃ અલગ અલગ ઘટનાઓમાં યુવાન, પ્રૌઢ, આધેડની જિંદગીને અલવીદા

# ભૂગર્ભ ટાંકામાં પડી જતાં યુવાનનું મોત

## BSNLના કર્મચારી અને રત્ન કલાકારની જિંદગીની સફરનો હૃદય રોગના હુમલાને કારણે આવ્યો અંતઃ એકવીસ વર્ષનો યુવાન બેભાન થયો ને જીવ ગયો

રાજકોટ, તા. ૧૮

આકસ્મિક મૃત્યુના વધુ એક બનાવમાં એક યુવાનનું મોત થયું છે. તો બીજી તરફ બીએસએનએલના કર્મચારી અને હીરાઘસુના હૃદય બેસી જવાને કારણે મોત નિપજતાં પરિવારજનોમાં શોક વ્યાપી ગયો છે.



પ્રથમ ઘટના જોઇએ તો રેલનગરમાં ભૂગર્ભ ગટરનું અન્ડરગ્રાઉન્ડ ટાંકાનું કામ ચાલુ હોઇ તેમાં દસેક ફુટની ઉંચાઇએથી અંદર પડી જતાં માથામાં ગંભીર ઇજા થતાં તેનો જીવ નીકળી ગયો હતો. મુળ જામનગરનો અને હાલ રેલનગર ફાયર બ્રિગેડ પાસે રહેતો મનિષભાઇ મોહનભાઇ ડાભી નામનો પાંત્રી વર્ષિય યુવાન સોળમીના બપોરે ત્રણેક વાગ્યે રેલનનગરમાં આરએમસીનું ભૂગર્ભ ગટરનું કામ ચાલુ હોઇ ત્યાં અન્ડર ગ્રાઉન્ડ ટાંકા પાસે કામ કરતો હતો ત્યારે અકસ્માતે અંદર પડી જતાં માથામાં ગંભીર ઇજા થઇ હતી.

આ યુવાનનેં સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ હતો. તેનું મૃત્યુ થતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનાર મનિષભાઇ ત્રણ ભાઇમાં નાનો અને અપરિણીત હતો. તે સેન્ટીંગ કામની મજૂરી કરતો હતો. હોસ્પિટલ પોલીસ ચોકી મારફત જાણ થતાં પ્રદ્યુમનનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

હૃદય ધબકારા ચુકી જવાને કારણે જિંદગી ખતમ થઇ જવાની વધુ બે ઘટના સામે આવી છે જેમાં બીએસએનએલના કર્મચારી અને હીરાઘસુના મૃત્યુ થયા છે. ગોંડલ રોડ પર એસટી વર્કશોપ પાછળ પીએન્ડટી કોલોની બ્લોક નં. ટીબી-૬/૭માં રહેતાં એકાવન વર્ષના ફિરોઝભાઇ મોહમ્મદવાહીદ શેખ ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. ફિરોઝભાઇ પાંચ ભાઇમાં ત્રીજા હતાં. સંતાનમાં બે દિકરા છે. પોતે બીએસએનલમાં ટેલીફોન ટેક્નીશીયન તરીકે ફરજ બજાવતાં હતાં. હાર્ટએટેક આવી ગયાનું સગાએ જણાવ્યું હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં માલવીયાનગર પોલીસે કાર્યવાહી કરી હતી.

જ્યારે સરધારમાં લેઉવા પટેલ સમાજની વાડી પાસે રહેતાં અડતાલીસ વર્ષના મનિષભાઇ મોહનભાઇ આંબલીયા સવારે ઘરે લોહીની ઉલ્ટી થયા બાદ બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ સારવાર માં દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરી હતી. મૃત્યુ પામનાર મનિષભાઇ ત્રણ બહેનના એકના એક ભાઇ હતાં અને હીરા ઘસી ગુજરાન ચલાવતાં હતાં. સંતાનમાં એક દિકરી છે. હાર્ટએટેક આવી ગયાનું જણાવાયું હતું.

જ્યારે ત્રીજા બનાવમાં ગોડાઉન રોડ પર આરાધના સોસાયટી-૧માં રહેતો મુન્નાભાઇ સુખદેવભાઇ ઝરીયા નામના એકવીસ વર્ષનો યુવાન ઘરે બેભાન થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ પરંતુ અહિ તબિબે મૃત જાહેર કરતાં પરિવારમાં શોક છવાઇ ગયો હતો. મૃત્યુ પામનારના માતા-પિતા હયાત નથી. પોતે એકનો એક હતો અને એકલો રહેતો હતો. ટીબીની બિમારી હોવાનું સગા પરિચીતોએ કહ્યું હતું. બનાવની જાણ થતાં એ-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુની નોંધ કરી કાર્યવાહી કરી હતી.

# એરપોર્ટ અને LCB ઝોન-૨ પોલીસના દરોડા : વિદેશી દારૂ સાથે બે પકડાયા

રાજકોટ, તા. ૧૮

દારૂના વધુ બે દરોડામાં પોલીસે હેરાફેરીનો પર્દાફાશ કર્યો હતો. શહેરના ગારીડા ગામ અને પોપટપરાના નાલાપાસે એરપોર્ટ અને ડીસીપી ઝોન-રની એલસીબીએ દરોડો પાડી રૂા. ૩૨ હજારના વિદેશી દારૂ અને ચપલા સાથે બે શખ્સોને પકડી લીધા હતા. ગારીડા ગામથી જીંજુડા ગામ તરફ જતા રસ્તે એક શખ્સ વિદેશી દારૂ સાથે ઉભો હોવાની બાતમી મળતા એસ્પોર્ટ પોલીસના પી.એસ.આઇ. એસ. એન. જાડેજા તથા કોન્સ. સારંગભાઇ ઓગણીયા સહિતના સ્ટાફે દરોડો પાડી ગારીડા ગામ પાસેથી કાર્તિક જગદીશભાઇ મેઘાણીને પકડી લીધો હતો. આ શખ્સ પાસેથી સાડા સાતસો એમએલની દસ બોટલો મળી આવી હતી.

**ગારીડા ગામ પાસે અને પોપટપરાના નાલા પાસે થઇ કાર્યવાહી**

બીજી તરફ એલસીબી ઝોન-ના હેડ કોન્સ. શકિતસિંહ ગોહિલ સહિતના સ્ટાફે બાતમીના આધારે પોપટપરા નાલા પાસે દરોડો પાડી રૂા. ૧૬,૯૦૦ ની કિંમતના વિદેશીદારૂના પર ચપલા અને રૂપિયા બાર હજારની કિમતની દારૂની છ બોટલ સાથે યુસુબ ઇસ્માઇલભાઇ સોલંકીને પકડી લઇ દારૂ તથા મોબાઇલ મળી રૂા. ૩૩,૯૦૦નો મુદામાલ કબજે કર્યો હતો. પાંત્રીસ વર્ષનો આ શખ્સ પોપટપરા કૃષ્ણનગરમાં રહે છે. પીએસઆઇ આર. એચ. ઝાલા અને ટીમે આ કાર્યવાહી કરી હતી. આ શખ્સો દારૂ ક્યાંથી લાવ્યા? કોને આપવાનો હતો? તેની તપાસ થઇ રહી છે.

---

અજાણ્યા તો ઠીક ઘણીવાર ઓળખીતા, સાથે કામ કરનારા પણ ફેરવી નાખે ગરીયા

# સસ્તા સોનાની લ્હાયમાં નોકરીયાત ૩૧ લાખમાં ઠગાયો

## કંપનીમાં સાથે જ ટીમ લીડર તરીકે કામ કરતાં શખ્સે શરૂઆતમાં હોમએપ્લાયન્સીસ સસ્તામાં અપાવી વિશ્વાસ જીત્યો પછી લાખોનો ડામ આપી દીધો

રાજકોટ, તા. ૧૮

લાલચની જાળ લોકોને લઇ ડુબે છે. રોકાણના નામે ફ્રોડની ઘટનાઓ સતત વધી ગઇ છે. શેરબજાર, બીટકોઇન અને બીજા અલગ અલગ રોકાણમાં મોટો નફો આપવાની લાલચ દઇ ઓનલાઇન ગઠીયાઓ લાખો કરોડો ઉસેડી લેતાં હોય છે. તો બીજી તરફ લોકોને સસ્તામાં સોનુ આપવાના નામે પણ છેતરવામાં આવી રહ્યા છે. આવી વધુ એક ઘટના સામે આવી છે જેમાં બજારભાવ કરતાં સસ્તામાં સોનુ ખરીદવાની લ્હાયમાં એક કપંનીના નોકરીયાત સાથે તેની જ કંપનીના ટીમ લીડર વિરૂધ્ધ ફરિયાદ કરી છે. સસ્તામાં સોનાના નામે સાડા એકત્રીસ લાખનો ચૂનો લગાવી દેવાયો હતો.

વિગતો પર નજર કરીએ તો વડોદરા શહેરના હરણી વિસ્તારમાં રહેતા અને ખાનગી કંપનીમાં નોકરી કરતા શિવમ ટોકરકરે પોતાના જ ટીમ લીડર દ્વારા કરાયેલા વિશ્વાસઘાત અને છેતરપિંડી અંગે સયાજીગંજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે તપાસ શરૂ થઇ છે. ફરિયાદ મુજબ તેમની કંપનીમાં ટીમ લીડર તરીકે ફરજ બજાવતો જીતેન્દ્રસિંઘ માનકસિંઘ રાજપુરોહિત જે મુંબઇનો રહેવાસી છે તે થોડા સમય પહેલાં નોકરી છોડી ગયો હતો. ફેબ્રુઆરી માસમાં જીતેન્દ્રે ગોલ્ડ ખરીદવાની સ્કીમ આપતાં શિવમ અને તેમના મિત્રોએ મળીને આશરે વીસ તોલા સોનું ખરીદ્યું હતું. ત્યારબાદ માર્ચ મહિનામાં સસ્તા ભાવે સોનું અપાવવાનો ભરોસો આપતા શિવમે જુદાં જુદા સમયગાળામાં કુલ રૂપિયા અગીયાર લાખ ચોત્રીસ હજાર આપ્યા હતા.

જીતેન્દ્રે મોટી ખરીદી કરવા મિત્ર પરીક્ષિત દેસાઈ પાસેથી પણ રૂ. ૩૨.૧૨ લાખ લીધા હતા. ત્યારબાદ પચ્ચીસ દિવસમાં કુલ બાવન તોલા સોનું આપવાની વાત કહી હતી. હાલમાં જીતેન્દ્રે માત્ર બાર લાખ જ પરત આપ્યા છે, જ્યારે બાકીના રૂ. ૩૧,૪૬,૫૦૦ હજુ સુધી ન આપતા છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. આ ફરિયાદ આધારે પોલીસે તપાસ શરૂ કરી હતી.

શરૂઆતમાં જીતેન્દ્રે શરૂઆતમાં શિવમ અને તેમના ઓળખીતા લોકોને લાલચ આપી હતી કે, હોમ એપ્લાયન્સ માર્કેટ ભાવ કરતાં ઓછી કિંમતે અપાવી દેશે. એડવાન્સ લઈ દસ પંદર દિવસમાં વસ્તુઓ આપી દેતો હતો અને ક્યારેક વસ્તુ ન મળે તો રૂપિયા પણ પરત કરતો હતો. આ રીતે તેણે વિશ્વાસ કેળવ્યો હતો. આ પછી સસ્તામાં સોનાના નામે મોટો ગરીયો કરી ગયો હતો. પોલીસ હવે આ ઠગને શોધી રહી છે. આ પ્રકારની ગઠીયાગીરી ઠગાઇ દરરોજ થતી રહે છે. કોઇ ઓનલાઇન લોકોને છેતરી જાય છે તો કોઇ ઓફલાઇન એટલે કે રૂબરૂ આવીને કે પછી સાથે જ કામ કરતાં પરીચીતો મિત્રો મારફત ઠગાઇ થતી રહી છે. ત્યારે આ બનાવમાં સાથે નોકરી કરનારો જ ફ્રોડ કરી ગયો હતો.




ફ્રોડમાં ગુમાવેલા પાંત્રીસ લાખ પાછા મેળવવાના પ્રયાસમાં મહિલાએ પચાસ લાખ બીજા ગુમાવી દીધા!: ક્રાઇમ બ્રાંચના નામે ઓળખાણ કરાવી ઠગાઇ

ફ્રોડની બીજી ઘટના સુરેન્દ્રનગર પંથકમાં બની છે. જેમાં સુરેન્દ્રનગરના શખ્સે સાયબર ફ્રોડમાં ગુમાવેલા રૂપિયા પરત અપાવાની લાલચ આપી મહિલા સાથે લાખોની છેતરપિંડી આચરી લીધી છે. વઢવાણ ૮૦ ફૂટ રોડ પર રહેતી મહિલાએ સાયબર ફ્રોડમાં ગુમાવેલા ૩૫ લાખ મેળવવાની લાલચ આપી સુરેન્દ્રનગરના શખ્સે રૂ.૪૯.૮૨ લાખ અલગ-અલગ બેંક એકાઉન્ટમાં જમા કરાવી છેતરપિંડી આચરી હતી. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે. વધુ માહિતી મુજબ વઢવાણ ૮૦ ફૂટ રોડ પર ધર્મ ચક્ર એપાર્ટમેન્ટમાં રહેતા વર્ષીદાબેન કેયુરભાઈ દોશીએ અગાઉ સાયબર ફ્રોડમાં રૂ.૩૫ લાખ ગુમાવ્યા હતા. દરમિયન સુરેન્દ્રનગરના યાજ્ઞિકભાઈ ભરતભાઈ ઝીંઝુવાડીયાએ વર્ષીદાબેનનો સપર્ક કરી ક્રાઇમ બ્રાંચમાં તેમની ઓળખાણ છે તેમ છે કહી દીપકભાઈ સોની ગઢડા વાળા અને પ્રદ્યુમનસિંહ ચૌહાણ ઉર્ફ જેપીની સાયબર ક્રાઇમના પી.આઈ.અને કર્મચારી તરીકે ઓળખ આપી હતી

ત્યારબાદ ભરતભાઈએ વિશ્વાસ કેળવી ૩૫ લાખ પાછા મેળવવા વર્ષીદાબેનના પતિ પાસે અલગ અલગ બેંક ખાતામાં કુલ રૂ.૪૯.૮૨ લાખ બેંકમાં તેમજ ઓનલાઇન જમા કરાવી છેતરપીંડી તેમજ વિશ્વાસઘાત કર્યો હતો. જે અંગે વર્ષીદાબેને બી-ડિવિઝન પોલીસ મથકે યાજ્ઞિકભાઈ ભરતભાઈ ઝીંઝુવાડીયા સામે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી. આમ અહિ દાઝ્યા પર ડામ આવી ગયો હતો.

શરૂઆતમાં દાગીના લઈ જઈ સમયસર નાણા ચુકવી જીતાય છે વિશ્વાસ પછી મારી દેવાય છે ધૂંબો

# વેપારી સાથે બેતાલસી લાખની ઠગાઈ

## સોનાના દાગીના બીજા ગ્રાહકોને આપવાના નામે એક વેપારીએ બીજા સાથે કરી લીધી છેતરપીંડીઃ રૂપિયા આપવા ટાણે ફોન બંધ કરી થઇ ગયો ગાયબ

રાજકોટ, તા. ૧૮
વિશ્વાસઘાત છેતરપીંડીના બનાવોમા વધુ એક વેપારીને લાખોનો ચૂનો લાગી ગયો છે. વેપારી સાથે વિશ્વાસ કેળવી એક વેપારીને બીજો વેપારી છેતરી ગયો છે. વેપારી પાસેથી આશરે બેતાલીસ લાખ એકત્રીસ હજારના દાગીના બીજા ગ્રાહકોને આપવાના નામે એક વેપારી લઇ ગયો હતો. પરંતુ દાગીના બારોબાર વેંચી માર્યા પછી વેપારીને રૂપિયા ન આપી ફોન બંધ કરી ગાયબ થઇગયો હતો. આ મામલો પોલીસ સુધી પહોંચતા તપાસ શરૂ થઇ હતી.

રાજકોટ સહિત રાજ્યભરમાં સોની વેપારીઓ સાથે વિશ્વાસઘાત કરીને લાખો કરોડોનો ચૂનો લગાડી દેવામાં આવતો હોય છે. વારંવાર આવી ઘટના બને છે. રાજકોટમાં ઉપરા ઉપર આવા ત્રણ બનાવ બન્ય છે. દરમિયાન હવે વડોદરાના વેપારીએ અમદાવાદ શહેરના નવરંગપુરામાં ઓફિસ ધરાવીને સોના ચાંદીના દાગીનાનો વેપાર કરતા વેપારી સાથે છેતરપિંડી આચરી છે. આરોપીએ ગ્રાહકો માટે સોના ચાંદીના દાગીના મેળવી લીધા હતા. બાદમાં પેમેન્ટ ન આપીને વાયદો કરીને ફોન બંધ કરી દીધો હતો. બાદમાં તપાસ કરતા જાણવા મળ્યું હતું કે આરોપીએ વડોદરામાં અનેક સોની વેપારીઓ સાથે લાખો કરોડો રૂપિયા પડાવી લીધા છે. વેપારીએ ૪૨.૩૧ લાખની છેતરપિંડી મામલે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

વધુ માહિતી જોઈએ તો વાસણામાં રહેતા મિતેશભાઇ સોની નવરંગપુરામાં ઓફિસ ધરાવીને સોના ચાંદીના દાગીના બનાવવાનો વેપાર કરે




છે. તેમના ભાગીદાર મારફતે સાત માસ પહેલા વડોદરાના કિરણ બેંગલ્સ શોરૂમના માલિક યતીન સોની સાથે સંપર્ક થયો હતો. યતીન સોનીએ સોના ચાંદીના દાગીનાની ઈન્કવાયરી કરતા મિતેશભાઈએ વેપાર કરતા પહેલા યતીન સોનીની ઈન્કવાયરી કરી હતી. યતીન સોની બજારમાં નામચીન હોવાનું જણાતા વિશ્વાસ સંપાદિત થયો હતો. બાદ યતીન સોનીએ ગ્રાહકોને એન્ટીકના સેટની જરૂર હોવાનું કહીને સેટના ફોટો મંગાવ્યા હતા. જે બાદ તેણે ઓર્ડર આપીને દાગીના મેળવી લીધા હતા અને દસ દિવસમાં પેમેન્ટ આપવાનો વાયદો કર્યો હતો. જે બાદ હજુ બીજી વેરાયટી જોઈતી હોવાનું કહીને મિતેશભાઇ પાસે વધુ દાગીના મંગાવ્યા હતા.

જેનું પેમેન્ટ અમદાવાદ ખાતે આવશે ત્યારે કરી દેવાનો વાયદો કર્યો હતો. યતીન સોની અમદાવાદ ન આવતા તેમને ફોન કરતા તેણે બહાના બતાવ્યા હતાં. જે બાદ તેનો ફોન પણ બંધ આવતો હતો. જેથી મિતેશભાઇએ વડોદરામાં તપાસ કરાવતા યતીન સોનીએ અનેક વેપારીઓનું ફુલેકુ ફેરવ્યુ હોવાનું સામે આવ્યુ હતું. મિતેશભાઈએ નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ૪૨.૩૧ લાખની છેતરપિંડી મામલે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ શરૂ કરી હતી. વિશ્વાસે વેપાર કરનારા વેપારીઓને શરૂઆતમાં તો ગઠીયાઓ જે દાગીના લઈ જાય તેના રૂપિયા આપી દેતાં હોય છે. સમયસર પેમેન્ટ કરી વિશ્વાસ જીતવામાં આવે છે અને બાદમાં મોટો ધૂંબો મારી દેવામાં આવે છે. આ ઘટનામાં પણ વેપારી સાથે આવુ જ થયું છે.

ઠંડીનો ચમકારો વધતા જ આ પ્રકારના બનાવો વધી ગયાઃ ત્રણ ઘટનાએ ચોંકાવ્યા

# ૧૯ વર્ષના યુવાન, CRPF જવાન અને મજૂરને દિલે દગો દીધો

## રાજકોટમાં યુવાન ઘરે હતો ને હાલત બગડી-હોસ્પિટલમાં દમ તોડ્યોઃ જવાન ખેલ મહાખુંભમાં રમત રમતો હતો અને જિંદગીનો દાવ ખતમ થયોઃ યાર્ડમાં મજૂર એકાએક ઢળી પડ્યા અને જીવ ગયો

રાજકોટ, તા. ૧૮
દિલની ધડકનો ગમે ત્યારે બંધ પડી રહી છે. યુવાનોના હૃદય પણ ધડાધડ બંધ પડી રહ્યા છે અને મૃત્યુ થઇ રહ્યા છે. ઠંડીનો ચમકારો ચાલુ થતાં જ આવી ઘટનાઓ વધી ગઇ છે. હૃદય બંધ પડી જવાના ત્રણ બનાવ સામે આવ્યા છે. જેમાં એક બનાવમાં ઓગણીસ વર્ષના યુવાનનુ, બીજા બનાવમાં ખેલ મહાકુંભમાં ભાગ લઇ ટેનીસ સ્પધાૃ રમી રહેલા સીઆરપીએફ જવાનનું અને યાર્ડના એક મજુરનું હૃદય ધબકારા ચુકી જવાને લીધે મૃત્યુ થયું હતું. આ પ્રકારની ઘટનાઓ સતત વધી ગઇ છે. જેમાં યુવાનોના પણ મૃત્યુ થઇ રહ્યા છે.

કરૂણ ઘટનાઓ પર નજર કરીએ તો પ્રથમ બનાવ રાજકોટમાં બન્યો છે. જીલ્લા ગાર્ડન પાસે ઘાંચીવાડ-૭માં રહેતો ઓગણીસ વર્ષના સાદીકુલ સૈફુલઈસ્લામ મંડલ નામના યુવાનને રાતે અઢી વાગ્યે એકાએક શ્વાસ ચડ્યા બાદ બેભાન જેવો થઇ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. પરંતુ અહિ મોત થયું હતું. સાદીકુલ ચાંદીના દાગીનાને પોલીશ કરવાનું કામ શીખતો હતો. તે માતા-પિતાનો એકનો એક દિકરો હતો. તેના પિતા ચાંદીના દાગીના પોલીશનું કામ કરે છે. મુળ પશ્ચિમ બંગાળનો આ પરિવાર આઠેક વર્ષથી રાજકોટ રહે છે.

તેના પિતા સૈફુલઈસ્લામે કહ્યું હતું કે રાતે એકાએક શ્વાસ ચડતો હોય એવો અવાજ સાંભળી હું અને મારા પત્નિ જાગી ગયા હતાં. દિકરાની હાલત ખરાબ થઇ ગઇ હોઇ તુરત હોસ્પિટલે ખસેડ્યો હતો. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. પોસ્ટમોર્ટમ થતાં હાર્ટએટેક આવી ગયાનું ખુલ્યું



હતું. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં એ-ડિવીઝન પોલીસે આકસ્મિક મૃત્યુની કાર્યવાહી કરી હતી.

બીજી આવી ઘટના જોઈએ તો સુરેન્દ્રનગર શહેરના જવાહર ગ્રાઉન્ડ ખાતે આયોજિત ખેલ મહાકુંભની સ્પર્ધાઓમાં ભાગ લઈ રહેલા ગાંધીનગર ખાતે ફરજ બજાવતા એક એસઆરએફ જવાનનું અચાનક હૃદય બેસી જવાથી કરૂણ મોત નીપજ્યું છે. આ ઘટનાને પગલે ખેલ મહાકુંભના મેદાનમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. મૃતક જવાનની ઓળખ રાઘવદાસ તુલસીદાસ વૈષ્ણવ તરીકે થઈહતી. રાઘવદાસ વૈષ્ણવ ખેલ મહાકુંભની લોંગ ટેનિસ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા હતા. રમત રમતા સમયે જ અચાનક તેમની તબિયત લથડી હતી અને તેઓ ગ્રાઉન્ડ પર ઢળી પડ્યા હતા.

આ બનાવ બનતા તાત્કાલિક અન્ય લોકોએ મદદ માટે ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી હતી. તેમને તાત્કાલિક સારવાર અર્થે સુરેન્દ્રનગરની સી. યુ. શાહ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જોકે હોસ્પિટલમાં સારવાર દરમિયાન ડોક્ટરોએ તેમને મૃત જાહેર કર્યા હતા. ડોક્ટરો દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રાઘવદાસ વૈષ્ણવનું મોત હાર્ટએટેક આવવાથી નીપજ્યું છે.આર્મી અને પોલીસ જેવી ફિટનેસ ધરાવતા જવાનોનું પણ સ્પર્ધા દરમિયાન હાર્ટ એટેકથી મૃત્યુ થવું એ યુવાનોમાં વધી રહેલી હૃદયરોગની સમસ્યા તરફ ગંભીર ઈશારો કરે છે.

ત્રીજા બનાવમાં શહેરના જુના માર્કેટ યાર્ડના અનાજ વિભાગમાં પ્લેટફોર્મ નંબર પાંચ ઉપર એક વૃધ્ધ ઢળી પડતાં બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં. પરંતુ અહિ મૃત્યુ થયું હતું. હાર્ટએટેક આવી ગયાનું પોસ્ટમોર્ટમમાં જાહેર થયું હતું.સંતકબીર રોડ પર ગોકુલનગરમાં અગાઉ રહેતાં અને લાંબા સમયથી માર્કેટ યાર્ડમાં મજૂરી કરી ત્યાં જ રહેતાં અને એકલવાયુ જીવન જીવતાં કિશોરચંદ્ર મણીલાલ બ્રહ્મક્ષત્રીય નામના વૃદ્ધ યાર્ડના અનાજ વિભાગમાં બેભાન થઇ જતાં સાથી મજૂરે હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ દમ તોડી દીધો હતો. હોસ્પિટલ ચોકીના સ્ટાફે જાણ કરતાં બી-ડિવીઝન પોલીસે કાર્યવાહી કરી હતી.

માન્યું કે દુઃખ છે, તકલીફ છે પણ તેનું નિવારણ માત્ર મૃત્યુ જ નથી હોતું

# ચોકીદાર, પરિણીતા અને યુવતિના અકાળે મોત

## ગોંડલના રોડના કોમ્પલેક્ષની અગાસીએ ચોકીદારે ગળાફાંસો ખાઇ લીધો-માનસિક તકલીફ હતીઃ ગીર પંથકની સગર્ભાએ પણ માનસિક અસ્વસ્થાને કારણે એસિડ પી જીવ દીધોઃ એક યુવતિએ પખવાડીયા પહેલા ડૂબી જતાં મોતને ભેટેલા મંગેતરના વિયોગમાં તળાવમાં કૂદી મોત મેળવ્યું

રાજકોટ, તા. ૧૮
મહામુલી જિંદગીને જે માણસ સુખ દુઃખ કે કોઈપણ પરિસ્થિતીમાં મનભરીને માણે અને મોજથી જીવે તો તેની જિંદગીમાં કુદરત પણ ચારચાંદ લગાવી દે છે. કોઈપણ કારણોસર હાલત ખરાબ હોય અલગ અલગ તકલીફો હોય તો માણસ ઘણીવાર હિમ્મત હારી જતો હોય છે અને મોતનો માર્ગ પકડી લેતો હોય છે. આવા બનાવો રોજીંદા છે. અલગ અલગ કારણોસર અને ઘણીવાર તો અકળ કારણોસર માણસ મોતને ગળે લગાડી લેતો હોય છે. અનેક એવા બનાવો હોય છે જેમાં માણસના મરી ગયા પછી પણ તેના આપઘાતનું કારણ બહાર આવતું હોતું નથી. જે તે તકલીફથી કંટાળી માણસ પોતે તો દુનિયા છોડી છુટકારો મેળવી લેતો હોય છે પણ પાછળ તેના સ્વજનો રહી જતાં હોય છે વિલાપ કરતાં. આવી વધુ ઘટનાઓ સામે આવી છે. જેમાં એક ચોકીદારે લટકી જઇને અને એક મહિલાને એસિડ પીને મોત મીઠુ કર્યુ હતું. એક ઘટનામાં યુવતિએ મંગેતરના મોતના આઘાતમાં તળાવમાં પડી જિંદગી ટુંકાવી હતી.

વિગતો જોઈએ તો રાજકોટ શહેરના ગોંડલ રોડ પર આવેલા કોમ્પલેક્ષમાં પાર્કિંગમાં આવેલા રૂમમાં પરિવાર સાથે રહેતાં અને અહિ ચોકીદારી કરતાં નેપાળી આધેડે કોમ્પલેક્ષની અગાસી પર



પાઇપમાં લટકી જઇ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. ગોંડલ રોડ સાધના ભેળ સામે આવેલા નોવા'સ કોમ્પલેક્ષમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં આવેલા ચોકીદારના રૂમમાં રહેતાં અને અહિ કોમ્પલેક્ષમાં ચોકીદારી કરતાં પિસ્તાલી વર્ષના પુરનભાઇ પ્રતાપસિંગ સુનાર નામના આધેડે વહેલી સવારે કે મધરાતે કોઇપણ સમયે આ કોમ્પલેક્ષની અગાસીએ પાઇપમાં વાયર બાંધી દેહ લટકાવી દીધો હતો.

દરમિયાન સવારે ચારેક વાગ્યે પત્નિ જાલુબેનની ઉંઘ ઉડી ત્યારે પતિ તેની પથારીમાં જોવા ન મળતાં પરિવારજનોને જગાડીને શોધખોળ શરૂ કરી હતી. શોધતા શોધતા પરિવારના સભ્યો અગાસી પર તપાસ કરવા જતાં પુરનભાઇ ત્યાં પાઇપમાં વાયર બાંધી લટકતાં જોવા મળતા સૌ હચમચી ગયા હતાં. કોઇએ ૧૦૮ બોલાવાતાં તેના ઈએમટી તબિબે તેમને મૃત જાહેર કર્યા હતાં. ભક્તિનગર પોલીસને જાણ થતાં અમીનભાઇ સહિતે ઘટના સ્થળે પહોંચી પંચનામુ કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો. આપઘાત કરનારા પુરનભાઇ સુનાર મુળ નેપાળના વતની હતાં. તેને સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. કેટલાક વર્ષથી રાજકોટ રહી ચોકીદારી કરતાં હતાં. પરિવારજનોના કહેવા મુજબ માનસિક ટેન્શનને કારણે તેણે આ પગલુ ભર્યાની શક્યતા છે. જો કે ખરેખર કયુ કારણ જવાબદાર હતું તે જાણવા પોલીસ અંતિમવિધી બાદ વિશેષ તપાસ કરશે.

આપઘાતની અન્ય ઘટના જોઇએ તો ગીર સોમનાથના ઉના તાબેના વરસીંગપુરમાં રહેતી શાંતુબેન દિનેશ સોલંકી નામની ચોવીસ વર્ષની સગર્ભા પરિણીતાએ એસિડ પી આપઘાત કરી લીધો હતો. શાંતુબેને ઘરે હતી ત્યારે એસિડ ગટગટાવી લેતાં ઉના સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી. અહિ મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો છે. આપઘાત કરનાર શાંતુબેનના લગ્ન અઢી વર્ષ પહેલા થયા હતાં. તેણીને સંતાનમાં એક દિકરો છે. હાલમાં પેટમાં દોઢ માસનો ગર્ભ હતો. તેણીનો પતિ હીરા ઘસવાની મજૂરી કરે છે.

તેણીના માવતર ઉનાના નાથડ ગામે રહે છે. શાંતુબેનના સગાએ કહ્યું હતું કે તેણીને માનસિક તકલીફ હોઇ તેના કારણે એસિડ પી લીધું હતું. હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા સહિતે ઉના પોલીસને જાણ કરી હતી. પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ પોલીસ મૃતકના માવતર અને સાસરીયા પક્ષ સહિતના નિવેદનો નોંધી કારણ જાણવા કાર્યવાહી કરશે.

માણાવદર તાલુકાના કતકપરા ગામની અઢાર વર્ષની ભારતીબેન ધીરૂભાઇ પરમાર નામની યુવતીએ કતકપરા ગામના તળાવમાં ઝંપલાવીને આત્મહત્યા કરી લીધી હતી. જેની જાણ થતા પોલીસે દોડી જઈને યુવતીના મૃતદેહને પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપી આગળની કાર્યવાહી કરી હતી. મરનાર યુવતીની બે વર્ષ પહેલા જુનાગઢ પાસેના પ્લાસવા ગામ ખાતે રહેતા અરવિંદભાઇ જેન્તિભાઇ બાંભણીયા સાથે સગાઇ થઈ હતી. જો કે મંગેતરનું પણ પખવાડીયા પહેલા પાણીમા ડુબી જવાથી મૃત્યુ થયું હતું. જેના આઘાતને કારણે માઠુ લાગી આવતા યુવતીએ પણ પોતાની મેળે ગામના તળાવમાં ઝંપલાવીને આપઘાત કરી લીધો હતો. આ ઘટનાથી બંને પરિવારોમાં માતમ છવાઇ ગયો હતો.

# ગાળો અને પૈસાના ડખ્ખામાં થઈ સશસ્ત્ર ધમાલઃ યુવતિ સહિત પાંચ લોહીલુહાણ

રાજકોટ, તા. ૧૮
ગાળો બોલવા મામલે અને પૈસાની લેતીદેતી મામલે થયેલી બોલાચાલી બાદ બે જૂથ વચ્ચે હથીયારો, પાણકાથી બટાઝટી બોલી જતાં પાંચ જણા લોહીલુહાણ થયા હતાં. જેમાં એક યુવતિ પણ સામેલ છે.

વિગતો જોઇએ તો ગોંડલમાં સિવિલ હોસ્પિટલ પાસે બે પરિવારના લોકો વચ્ચે મારામારી થતાં એક બીજા પર લોખંડની ફરસી, ધોકાથી હુમલો કરી પથ્થરમારો પણ કરવામાં આવ્યો હતો. ગોંડલમાં ભગવતપરામાં રહેતાં અશ્વીન ભરતભાઇ મકવાણા, તેના માસીયાઇ ભાઇઓ અમિત શેતલભાઇ મકવાણા અને રામ રવજીભાઇ સોલંકી ને સાંજે આઠેક વાગ્યે ગોંડલ નદી કાંઠે સરકારી હોસ્પિટલ ચોકમાં હતાં ત્યારે આ વિસ્તારમાં રહેતાં રાહુલ, વિજલો, ભરત સહિતનાએ લોખંડની ફરસી, ધોકાથી હુમલો કરી ઈજાઓ પહોંચાડતાં ત્રણેય લોહીલુહાણ થઇ જતાં ગોંડલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં.

ત્યાંથી વધુ સારવાર માટે



રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. રામ સોલંકીએ કહ્યું હતું કે પોતે રિક્ષા હંકારી ગુજરાન ચલાવે છે તેણે ગોંડલ સિલિ હોસ્પિટલ પાસે રહેતી પૂજાના સગા રીટાબેન જીતુને દસ હજાર ઉછીના આપ્યા હતાં. આ રકમની ઉઘરાણી કરવા પોતે સાંજે બે માસીયાઇ ભાઇને લઇને રીટા પાસે ગયો હતો. રીટા આ વખતે તેના સગા પૂજાબેનના ઘરે હતી. ઉઘરાણી મામલે ઝઘડો થતાં પોતાના પર અને બે ભાઇઓ પર હુમલો થયો હતો.

સામા પક્ષે રેખા આકાશ રાઠોડ તથા તેના જેઠાણીના દિકરા રોહિત અશોક મકવાણાને પણ ઈજાઓ થતાં તેને પણ ગોંડલ સારવાર અપાવી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે. રેખાના કહેવા મુજબ તેના જેઠાણીના દિકરા રોહિત સાથે રામલો, બોડાબેન, જોની સહિતનાએ ગાળો બોલવા મામલે ઝઘડો કરી પાણાના ઘા કરી ઈજા કરતાં પોતે અને બીજા લોકો રોહિતને દવાખાને લઈ જતાં હતાં ત્યારે ફરીથી હુમલો કરાયો હતો. ગોંડલ એ-ડિવીઝન પોલીસ દ્વારા બંને પક્ષની ફરિયાદ લેવા કાર્યવાહી થઇ હતી.

એક જ સરખા નુસ્ખાથી ગઠીયાઓ આચરે છે ઠગાઈ છતાં લોકો નથી થતાં જાગૃત

# બેંક કર્મીના નામે ફોન કરી લાખો ઉસેડ્યા

## કેવાયસી એપડેટના નામે વધુ એક ફ્રોડ થયું : બીજી ઘટનામાં કરોડોનું કાપડ લઈ ભાગેલી ઠગ ત્રિપુટીનો વેપારીઓએ જ પીછો કર્યો, વિદેશ ભાગે એ પહેલા પોલીસને સાથે લઈ હવાઈ માર્ગે બેંગલુરૂ પહોંચી દબોચી લીધા

રાજકોટ, તા. ૧૮
રોજ ઉઠીને ગઠીયાગીરીની નવી નવી ઘટનાઓ સામે આવતી રહે છે. એક તપાસ હજુ શરૂ પણ ન થઇ હોય ત્યાં નવા ફરિયાદી ફ્રોડની ફરિયાદ સાથે કોઈને કોઇ પોલીસ સ્ટેશનમાં પહોંચી જાય છે. આવી ઘટનાઓ અટકવાનું નામ નથી લેતી. વધુ એક વખત ઓનલાઇન ફ્રોડ થયું છે જેમાં કેવાયસી અપડેટના નામે બેંક કર્મચારીની ઓળખ આપી ગઠીયાએ વેપારીના ખાતામાંથી સવા છ લાખ ઉસેડી લીધા છે. બીજી એક ઘટનામાં પચ્ચીસ કરોડનું કાપડ લઇને ભાગી ગયેલા ત્રણ ગઠીયાને વેપારીઓએ જ પકડી લીધા હતાં.

પ્રથમ ઓનલાઇન ફ્રોડની ઘટના પર નજર કરીએ તો બેન્કના કસ્ટમર કેરના કર્મચારી તરીકે ઓળખાણ આપી કેવાયસી અપડેટ કરાવવાનું કહીને ગઠિયા ટોળકીએ વેપારી પાસેથી રૂ.૬.૨૫ લાખ પડાવી લીધા હતા. જેમાં પહેલા બેન્કના લોગોવાળા વોટસએપ નંબરથી એપીકે ફાઈલ મોકલી હતી. જો કે વેપારીએ બેન્કમાં રૂબરૂ જઈને કેવાયસી અપડેટ કરવાનું કહેતા તેમને સતત ફોન કરીને એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવીને ડેબિટ, આધાર કાર્ડ અને પાનકાર્ડની વિગતો મેળવીને પૈસા ઉપાડી લીધા હતા. અમદાવાદ ઓઢવમાં રહેતા પ્રકાશસિંહ રાજપૂરોહિત ઘરે જ ઈમિટેશનની દુકાન ધરાવે છે. તેમને વોટસએપમાં યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના એકાઉન્ટનું કેવાયસી અપડેટનો મેસેજ આવ્યો હતો.

જેમાં એપીકે ફાઈલ પણ મોકલી



હતી. તે ફાઈલ તેમણે સાંજે ઓપન કરી હતી. જ્યારે સાંજે સાદો કોલ આવ્યો હતો. જેમાં સામે વાળાએ પોતાની ઓળખ યુનિયન બેન્ક ઓફ ઈન્ડિયાના કસ્ટમર કેરના કર્મચારી તરીકે આપી હતી અને કેવાયસી અપડેટ કરવા કહ્યું હતું. જેથી તેમણે બેન્કમાં રૂબરૂ જવાની વાત કરી હતી. પરંતુ સામેવાળી વ્યક્તિ દબાણ કરી વ્યોમ એપ્લિકેશન ઈન્સ્ટોલ કરાવી વિગતો ભરાવીને ૪ ટ્રાન્ઝેક્શનથી તેમના ખાતામાં ૬.૨૫ લાખા ઉપાડી લીધા હતા. આ મામલે સાયબર ક્રાઇમ પોલીસે તપાસ શરૂ કરી છે.

અન્ય એક ઠગાઈની ઘટના જોઈએ તો અમદાવાદ શહેરનાં વિવિધ માર્કેટના વેપારીઓ અને ટેક્સટાઇલ ઉદ્યોગકારો પાસેથી કાપડ મગાવી આશરે પચ્ચીસ કરોડનો કરોડનો જથ્થો લઈ ચુકવણી કર્યા વગર શનિ સુખિયાની, અજય સુખિયાની અને મહેશ સુખવાણી ફરાર થઈ ગયા હતા. પિસ્તાલીસ વેપારીના રૂપિયા ડૂબતાં વેપારીઓએ મસ્કતી મહાજનના પ્રમુખ ગૌરાંગ ભગતનો સંપર્ક કર્યો હતો. મસ્કતી કાપડ મહાજનની દોડધામ અને ક્રાઈમ બ્રાંચની તપાસને અંતે આરોપીઓ નાટકીય ઢબે બેંગલુરૂથી પકડાયા હતા. વેપારીઓની ટીમ લઈને ગૌરાંગ ભગત પોલીસ કમિશનર પાસે ગયા હતા અને ત્યાંથી ક્રાઈમ બ્રાંચ દ્વારા ફરિયાદ દાખલ કરાઈ હતી.

વેપારીઓએ પણ તપાસ ચલાવી હતી અને આરોપીઓની હિલચાલ વિશે માહિતી એકત્ર કરી ત્યાંથી આપી હતી. દરમ્યાન જાણવા મળ્યું કે ત્રણેય સસ્તામાં કાપડ વેચીને સોનું ખરીદી રહ્યા હતા અને બૅન્કોમાંથી મોટી રકમ ઉપાડી ચુક્યા હતા. વધુમાં, આધાર કાર્ડનું એડ્રેસ બદલી નવા પાસપોર્ટ માટે અરજી કરવાની કોશિશ પણ કરી હતી. આધારમાં એડ્રેસ બદલવાની જાણકારી વેપારીઓને મળી જતા આ અંગેની માહિતી ક્રાઈમ બ્રાંચને આપતા સતર્ક થઈ ગયા.

ત્યારબાદ આ માહિતીના આધારે ત્યાંથી ખાસ ટીમ અને વેપારીઓનું ગ્રુપ પ્લેનમાં જ બેંગલુરુ પહોંચ્યા અને આરોપીઓના સરનામે દરોડો પાડતાં ત્રણે ઝડપાઈ ગયા હતા. ધરપકડ બાદ વેપારીઓએ ઍરપોર્ટ પર ભગતનું સન્માન કર્યું હતું. કારણ કે તેમની ચુસ્ત કામગીરીથી આરોપીઓ સુધી પહોંચી શકાયું હતું. મોહન સાડી, જયશ્રી ક્રિએશન અને રિદ્ધિ ટેક્સટાઇલના માલિકો શનિ, અજય અને મહેશ બેંગલુરૂ ભાગી ગયા હતા. છેતરપિંડી કરનારાઓને કડક સંદેશ મળે અને ભવિષ્યમાં કોઈ વેપારી સાથે ઠગાઈ કરવાની હિંમત ન કરે તે માટે આરોપીઓનું સરઘસ કાઢવામાં આવે એવી વેપારીઆએ કરી હતી.

# બિનવારસી રાજકોટ જિલ્લાની ૯૫ મિલકતો વહેંચવા તજવીજ

## વર્ષો જૂની મિલકતો કે જેના માલિકોના નેઠા ન હોય તેવી પ્રોપર્ટી અંગે કલેક્ટરે કેન્દ્રને સોપ્યો રિપોર્ટ : મુંબઈની ટીમ રાજકોટના આંગણે




રાજકોટ, તા. ૧૮

રાજ્ય સરકાર દ્વારા હાલ મહેસુલ વિભાગની કામગીરીને સુચારુ બનાવવા અને સરળતા આપવા માટે તમામ પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે સાથોસાથ સ્થાનિક પ્રશાસનને પણ આદેશ કરી દેવામાં આવ્યો છે કે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને ખાસ એ વાત ઉપર ધ્યાન કેન્દ્રિત કરાય કે હવે રેવન્યુ કામગીરીને કેવી રીતે સરળ બનાવી શકાય. મળતી માહિતી મુજબ અત્યારે સૌથી મોટો પ્રશ્ન જો હોય તો તે મિલકતના છે એટલું જ નહીં હાલ છેલ્લા અનેક દસકાઓની વાત કરવામાં આવે તો આજે પણ રાજકોટ જિલ્લામાં એવી મિલકતો છે કે તેના માલિકો હયાત છે કે નહીં તે ખ્યાલ નથી એટલે કહી શકાય કે ખાલી પડેલી મિલકતોની સંખ્યા આશરે ૧૦૦ જેટલી છે જે અંગે અનેક વખત રજૂઆત કરવામાં આવી ત્યારે મળતી માહિતી મુજબ મુંબઈ ની ટીમ રાજકોટ ખાતે આવી પહોંચી છે અને આ તમામ મિલકતોનો સર્વે શરૂ કર્યો છે.

કલેકટર વિભાગના સૂત્રો દ્વારા જે માહિતી મળી રહી છે તે મુજબ જિલ્લામાં કેટલી મિલકતો છે કે જેના કોઈ ધણી ધોરી ન હોય તેવી મિલકતો અંગેનો રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને ખાસ આ અંગે જાણ પર કરવામાં આવી ત્યારે કેન્દ્ર સરકાર દ્વારા ગતિવિધિ હાથ ધરવામાં આવી છે અને રાજકોટ ખાતે મુંબઈની ટીમ સર્વે અર્થે આવી પહોંચી છે જે જિલ્લાના વિવિધ વિસ્તારોમાં આવેલી આ તમામ ખાલી પડેલી મિલકતોનો સર્વે કરશે. પ્રશ્ન હવે એ છે કે સર્વે થયા બાદ શું પગલાં લેવામાં આવશે પરંતુ જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર આ રિપોર્ટની ચકાસણી કર્યા બાદ કેન્દ્ર સરકાર આ મિલકતોની હરાજી કરવાનું આદેશ સ્થાનિક પ્રશાસન એટલે રેવન્યુ વિભાગને કરે તો નવાઈ નહીં. પરંતુ હાલ પ્રાથમિક તબક્કે મુંબઈથી આવેલી ટીમ આ તમામ મિલકતો અંગે તપાસ કરશે અને ખરી માહિતી એકત્રિત કરશે.

આ બિનવારસી મિલકતોમાં એવી સંપત્તિઓનો સમાવેશ થાય છે, જેના કોઈ વારસદાર ન હોય અથવા તો અન્ય કારણોસર તે લાંબા સમયથી ખાલી પડી હોય.મુંબઈથી આવેલી ટીમ દ્વારા સમગ્ર જિલ્લામાં મિલકતનો સર્વે હાથ ધર્યા બાદ તેઓ ફરી મુંબઈ પરત ફરશે અને ત્યારબાદ આ અંગેનો સંપૂર્ણ રિપોર્ટ કેન્દ્ર સરકારને સુપરત કરવામાં આવશે. આ સર્વે પૂર્ણ થયા બાદ જ આશરે ૯૦ થી ૯૫ જેટલી આ મિલકતોના હરાજી કરવામાં આવશે. રાજકોટમાં અને જિલ્લામાં ઘણી ખરી એવી પ્રોપર્ટીઓ છે કે જે વિવાદાસ્પદ હોય અથવા તો તેના કોઈ માલિકના નેઠા ન હોય અથવા તો માલિક ગુજરી ગયા હોય ત્યારે આ પ્રકારની તમામ જે મિલકતો છે તેના ઉપર યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તે ખૂબ જરૂરી છે તે માટે હાલ કલેકટર દ્વારા પ્રાથમિક તબક્કે ૯૫ મિલકતો માટેનો રિપોર્ટ તૈયાર કરી કેન્દ્ર સરકારને મોકલ્યો છે જેમાં હવે ત્યાંની ખાસ ટીમ રાજકોટ આવી પહોંચી છે અને તમામ મિલકતોનો સર્વે હાથ ધરી યોગ્ય વ્યવસ્થા ઉભી કરશે અને ત્યારબાદ હરાજી માટેનો પણ આદેશ કરવામાં આવે તો નવાઈ નહીં.



# વાજડીગઢ-વેજા ગામની ત્રણ ટીપી મંજૂરી અર્થે બોર્ડમાં

## રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળનું ૨૧ મીએ બોર્ડ : પડતર કામો અંગે પણ નિર્ણય લેવાય અને પ્રગતિ ચકાસાઈ તેવી ધારણા

રાજકોટ, તા. ૧૮

મહાનગરપાલિકાની સામાન્ય સભા પૂર્ણ થયા બાદ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળ એટલે કે રૂડાની બોર્ડ બેઠક શુક્રવારના રોજ મળશે જેમાં ત્રણ ટીપી સ્કીમ ફાઈનલ કરવાની દરખાસ્ત પર કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ વાજડીગઢ તથા વેજા ગામની ટીપી સ્કીમ નંબર ૮૦, ૮૧ અને ૮૨ નો મુત્સદો તૈયાર થઈ ચૂક્યો છે જ્યારે હવે જમીન માલિક પાસેથી તેના વાંદા સૂચનો આવ્યા બાદ તેની મુદત પૂર્ણ થતા તમામ વાંધા અરજીઓનો નિકાલ માટે બોર્ડમાં નિર્ણય લેવામાં આવશે. કાલે વાત સ્પષ્ટ છે કે રાજકોટ શહેરનો વિકાસ દિન પ્રતિદિન વધી રહ્યો છે ત્યારે રૂડા વિસ્તાર એટલે કે મહાનગરપાલિકા સિવાયના વિસ્તારમાં પણ ડેવલપમેન્ટ થાય વિકાસ થાય તે માટે રૂડા કચેરી ખાસ મહેનત કરી રહી છે પરંતુ વાસ્તવિકતા એ છે કે આજ દિન સુધી ઘણા ખરા પ્રોજેક્ટ એવા છે કે જે પૂર્ણ થયા નથી અને પૂર્ણ થયા છે તો ક્યાં તબક્કે છે તેનો કોઈ અંદાજો નથી અને લાલિયાવાડી ચાલતી હોય તે પ્રકારની અનેકવિધ ફરિયાદો પણ ઉઠવા પામી છે. હાલ શહેર જે રીતે વિકાસ પામી રહ્યું છે ત્યારે આસપાસના વિસ્તારોને સારા રોડ રસ્તા મળે જેથી શહેર સાથે ખૂબ સરળતાથી જોડાઈ શકે તે માટેની માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે પણ અનેકવિધ યોજનાઓની અમલવારી કરવી ખૂબ આવશ્યક છે ત્યારે નવી ટીપી સ્કીમનો ડ્રાફ્ટ તૈયાર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હોવાનું હાલ જણાઈ રહ્યું છે.

આ વિસ્તારોની પડતર નવી સહિત ૪૦થી વધુ ટીપી સ્કીમોને ઝડપથી મંજૂરી મળે તેવા પ્રયાસો ચાલે છે. જે પૈકી વાજડીગઢ-વેજાગામની ટીપી સ્કીમ નં.૮૦, ૮૧ અને ૮૨નો મુત્સદો જાહેર કર્યા બાદ ખેડૂતો તથા જમીન માલિકો પાસેથી વાંધા સૂચનો મંગાવવામાં આવેલ ત્રણેય ટીપી સ્કીમમાંથી આવેલા વાંધા સૂચનનો અભ્યાસ કર્યા બાદ વળતર સહિતના મુદ્દે નિર્ણય લેવાનો હોય શુક્રવારના રોજ બોર્ડ મીટિંગનું આયોજન કરવામાં આવ્યુ છે. અન્ય વહિવટી પ્રક્રિયા અંગેની દરખાસ્ત ઉપરાંત ત્રણ ટીપી સ્કીમના વાંધા સૂચનો અંગે નિર્ણય લેવાની દરખાસ્ત પણ રજૂ કરાતા આ ત્રણેય દરખાસ્ત ફાઈનલ કરી સરકારમાં મંજૂરી અર્થે મોકલવામાં આવશે.

ઘણી ખરી ટાઉન પ્લાનિંગ સ્કીમ નક્કી થઈ ગઈ છે પરંતુ હજી સુધી જે મંજૂરી મળવી જોઈએ તે મળી નથી તેના કારણે વિકાસ પણ અટક્યો છે ત્યારે તંત્ર દ્વારા ખાસ આ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કરવો જરૂરી છે. અને ભૂતકાળની બાકી રહી ગયેલી ટીપી તાકીદે મંજૂર થાય તે ખૂબ જરૂરી છે.સુચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૦ (વાજડીગઢ-વેજાગામ)ની સત્તામંડળ દ્વારા કાર્યવાહી બહાલ કરવા, વાંધા સૂચનો અને રજુઆતો માટે નિર્ણય કરી સરકારને મોકલવા કાર્યવાહી થશે. તો સૂચિત મુસદ્દારૂપ નગર રચના યોજના નં.૮૧ (વેજાગામ) માટે આવી જ પ્રક્રિયા કરવાની છે. નગર રચના યોજના નં.૮૨ (વેજાગામ)ની સત્તામંડળ દ્વારા અધિનિયમ-૧૯૭૬ તથા નિયમો-૧૯૭૯ હેઠળ કાર્યવાહી કરી કલમ-૪૨(૧) હેઠળ બહાલ રાખવા તથા અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૭ હેઠળ મળેલા વાંધા સૂચનો અને રજુઆતો માટે નિર્ણય કરવા અને અધિનિયમ-૧૯૭૬ ની કલમ-૪૮(૧) હેઠળ રાજ્ય સરકારને મંજુરી અર્થે બોર્ડ મીટીંગમાં નિર્ણય લેવામાં આવશે.

# રેસકોર્ષના નવીનીકરણ માટે ૫૦ કરોડની યોજના



રાજકોટ, તા. ૧૮

રાજકોટના લોકોને જરૂરી તમામ માળખાગત સુવિધાઓ મળતી રહે તે માટે મહાનગરપાલિકા દ્વારા અનેક પગલાંઓ લેવામાં આવી રહ્યા છે ત્યારે હાલના મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા દ્વારા જણાવવામાં આવ્યું હતું કે નાગરિકો માટે જો કોઈ આકર્ષણ હોય તો તે રેસકોર્સ ગ્રાઉન્ડ છે ત્યારે આ ગ્રાઉન્ડને વધુ ૫૦ કરોડના ખર્ચે અધ્યતન બનાવવામાં આવશે અને નવું સ્વરૂપ આપવામાં આવશે હાલ તે માટે માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે એટલું જ નહીં આ પ્રોજેક્ટ અમલી બનતા ની સાથે જ રાજકોટના લોકો માટે એક નવું નજરાણું જોવા મળશે. મ્યુનિસિપલ કમિશનર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે રેસકોર્સ માત્ર ફરવાનું જ નહીં પરંતુ લોકો વિહાર કરી શકે અને આનંદ માણી શકે તે માટેનું સ્થાન વિકસાવવા માટેની મહેનત કરવામાં આવી રહી છે અને આ તમામ સુવિધાઓ ઉભી કરવા માટે આશરે ૫૦ કરોડ જેટલો માતબર ખર્ચ પણ થાય તેઓ હાલ અંદાજ છે. પરંતુ અત્યારે સર્વપ્રથમ માસ્ટર પ્લાન બનાવવાની કામગીરી ચાલી રહી છે જે બાદ જ નિર્ણય લેવામાં આવશે. આ પ્રોજેક્ટ દ્વારા રેસકોર્સના સમગ્ર રંગરૂપ બદલવાની યોજના છે, જેમાં મેળાના વિશાળ મેદાનથી માંડીને અલગ અલગ ગાર્ડનના નવનિર્માણ અને સ્પોર્ટ્સ સુવિધાઓના અપગ્રેડેશનનો વિચાર કરવામાં આવ્યો છે. હાલમાં, આ પ્રોજેક્ટ માસ્ટર પ્લાનિંગના પ્રાથમિક તબક્કામાં છે. સંપૂર્ણ આયોજન તૈયાર થયા બાદ તેમાં સુધારા-વધારા સાથેની બ્લુ પ્રિન્ટ ઘડવામાં આવશે.

**એક્શન પ્લાનને આગામી બજેટમાં સમાવિસ્ટ કરવા તૈયારી**

આગામી બજેટમાં આ યોજનાની અમલવારી કરવામાં આવશે અને તે સમયે જ ખરી વિગતો સાથેનો પ્રોજેક્ટ મંજૂરી અર્થે મુકવામાં આવશે ત્યારે જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર જો આ પ્રોજેક્ટને સત્તાધીશો મંજૂર કરશે તો રાજકોટ ને નવું નજરાણું પણ મળી રહેશે. મળતી માહિતી મુજબ અત્યારે જે પ્રશ્ન ઊભો થઈ રહ્યો છે તે એ છે કે ૫૦ કરોડનો ખર્ચ ક્યાં હેતુ હેઠળ આપવામાં આવે તે સૌથી મોટો ચિંતાનો અને ચર્ચાનો વિષય છે. ત્યારે મ્યુ. કમિશનરે જણાવ્તા કહ્યું કે નાણાંકીય સમસ્યા આ પ્રોજેક્ટ માટે કોઈ દિવસ ઊભી નહીં થાય , કારણકે આ પ્રોજેક્ટમાં રાજ્ય સરકાર આર્થિક અનુદાન પણ આપશે.

મ્યુ. કમિશ્નરે જણાવ્યું કે, રાજકોટના નાગરિકોની લાંબા સમયથી રહેલી જરૂરિયાતોને કેન્દ્રમાં રાખવામાં આવી છે. મુખ્યત્વે ટ્રાફિક અને પાર્કિંગની કાયમી સમસ્યાને હલ કરવા પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. રેસકોર્સ શહેરના મધ્યમાં સ્થિત હોવાથી ટ્રાફિક અને ખાસ કરીને પાર્કિંગની સમસ્યા એક કાયમી પડકાર રહી છે. આ પ્રશ્ન સમસ્યાને કાયમ માટે હલ કરવા માટે, રેસકોર્સમાં મુલાકાતીઓની સંખ્યાને અનુરૂપ પૂરતી અને વ્યવસ્થિત પાર્કિંગ સ્પેસ ડેવલપ કરવામાં આવશે, જેથી લોકો વાહનોની ચિંતા વગર રેસકોર્સનો ઉપયોગ કરી શકે. આ વ્યવસ્થા લોકોના ગુણવત્તાસભર સમયને બગાડ્યા વિના રેસકોર્સની મુલાકાત લેવામાં મદદરૂપ થશે.

હાલની સાંપ્રત પરિસ્થિતિને ધ્યાને લઈ રાજકોટમાં ઘણા પ્રોજેક્ટ ચાલી રહ્યા છે પરંતુ ઘણા પ્રોજેક્ટ પૂર્ણ પણ થયા નથી. મનપાની કામ કરવાની પદ્ધતિ અંગે વાત કરવામાં આવે તો યોજના ખુબજ બને છે પરંતુ યોગ્ય અમલવારીના અભાવે ઘણા પ્રોજેક્ટ બની બનીને અધરતાલ થઈ ગયા છે. નાગરિકોને એક્સરસાઈઝ અને વોકિંગ માટે અલગ, સલામત અને સુખદ જગ્યા મળે તે માટે વિશેષ રસ્તાઓ અને એરિયા બનાવવામાં આવશે. આનાથી લોકો ટ્રાફિક કે અન્ય કોઈ અસુવિધા વગર આરામથી હરી-ફરી શકે અને શારીરિક પ્રવૃત્તિઓ કરી શકે. આ સાથે, રેસકોર્સ રીંગ રોડનો વોકિંગ ટ્રેક દીવાલની અંદર લઈ જવાનું આયોજન પણ ફરી એકવાર વિચારણા હેઠળ લેવામાં આવશે. અગાઉના સમયગાળામાં પણ આ પ્રકારનો વિચાર કરવામાં આવ્યો હતો, પરંતુ તે સમયે તે સાકાર થઈ શક્યો ન હતો. હવે કોર્પોરેશન દ્વારા રેસકોર્સ રીંગ રોડ ડેવલપમેન્ટના વિચારને પણ ફરી એકવાર ગતિ આપવામાં આવી છે.

# પુરવઠામાં પળોજણ : દુકાનદારો-લાભાર્થીઓ ત્રાહિમામ

## ટેકનિકલ ક્ષતિઓના કારણે લાભાર્થીઓને નથી મળતું અનાજ, દુકાનદારોની સતત રજૂઆત છતાં સ્થિતિ નથી થતી સામાન્ય

રાજકોટ, તા. ૧૮

પુરવઠા વિભાગ પર જાણે માઠી બેઠી હોય તેવું જોવા મળી રહ્યું છે એક તરફ સસ્તા અનાજના દુકાનદારો દ્વારા સરકારને તેની માંગણીને લઈને અનેક રજૂઆત કરવામાં આવી તો બીજી તરફ સરકાર દ્વારા તેઓને યોગ્ય વ્યવસ્થા પૂરી પાડવા માટેના પણ આશ્વાસન આપવામાં આવ્યા પરંતુ વાસ્તવિકતા એ છે કે હજી સુધી તે અંગે કોઈ સ્પષ્ટતા થઈ નથી અને વેપારીઓ ની સાથોસાથ લાભ થયો એ પણ હેરાન થવું પડે છે મળતી માહિતી મુજબ ફરી વખત સર્વરના ધાંધ્યા જોવા મળ્યા છે ત્યારે આ અંગે યોગ્ય વ્યવસ્થા ઉભી કરવામાં આવે અને હવે આ મુદ્દે તંત્ર ગંભીરતાપૂર્વક ધ્યાન દે તે ખૂબ જરૂરી છે. જાણકાર વર્તુળોના જણાવ્યા અનુસાર પુરવઠા નિગમની અણધાર નીતિ ના કારણે હાલ જે પોર્ટલ છે તેમાં સતત ટેકનિકલ ખામીઓ આવી રહી છે અને તેના પગલે વેપારીઓની સાથો સાથ લાભાર્થીઓએ પણ હેરાન થવું પડે છે. રાજ્ય સરકારને રજૂઆત કરવા છતાં રાજકોટ સહિત રાજ્યના સસ્તા અનાજના દુકાનદારોને હજુ સુધી કોઈ લાભ મળ્યો નથી અને તકલીફ યથાવત રીતે વેઠવી પડી રહી છે. વેપારી વર્તુળોમાંથી પ્રાપ્તથતી વધુ વિગતો મુજબ રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબ અને જરૂરિયાત મંદ પરિવારોને અનાજ અને વિવિધ જણસીઓનું વિતરણ કરવામાં આવે છે ત્યારે રાશનકાર્ડ ધારક વ્યાજબી ભાવની દુકાનખાતેથી અનાજ મેળવે છે.

અનાજ મેળવતા પહેલા રાશનકાર્ડ ધારકોએ વાજબી ભાવની દુકાન ખાતે રહેલા બાયોમેટ્રિક ડિવાઇસ પર પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરવી પડે છે આ માટે વ્યાજબી ભાવની દુકાન ખાતે કોમ્પ્યુટર સાથે લગાવેલા બાયોમેટ્રિક ડિવાઇસ કે જેના દ્વારા રાજ્ય સરકારના સર્વર થી ચાલતા એક સોફ્ટવેર પર પોતાના ફિંગર પ્રિન્ટની ખરાઈ કરાવવાની હોય છે.

જે રાશનકાર્ડ ધારકોને પોતાના હાથના આંગળાઓની છાપ ઘસાઈ ગયા હોય તેવા સંજોગોમાં વન ટાઈમ પાસવર્ડ એટલે કે ઘઝ઼ઙ થી વેરિફિકેશન કરવામાં આવે છે પરંતુ હાલમાં આ પ્રકારના વિકલ્પને મૂર્છિત રાખવામાં આવ્યું છે, રાજ્ય તથા કેન્દ્ર સરકાર દ્વારા ગરીબ અને જરૂરિયાત મંદ રાશનકાર્ડ ધારકોને આપવામાં આવતા સબસીડાઇઝ અનાજ અને વિવિધ જણસીઓના વિતરણ માટે વ્યાજબી ભાવની દુકાન ખાતે કોમ્પ્યુટર, પ્રીન્ટર, બાયોમેટ્રિક ડિવાઇસ, ઇન્ટરનેટ કનેક્શન જેવા સાધનો હોવા જરૂરી છે સાથે સાથે કમ્પ્યુટરને ચલાવી શકાય એટલા માટે વ્યાજબી ભાવનાની દુકાન ના સંચાલકો પાસે કમ્પ્યુટરનું જ્ઞાન પણ હોવું જરૂરી છે.

જેના દ્વારા આ સંપૂર્ણ પ્રક્રિયા થઈ શકે ગ્રાહકોની આધાર આધારિત ઓળખાણ પ્રસ્થાપિત થઈ શકે સાચા ગ્રાહકને જથ્થો આપી શકાય અને કોઈ પણ પ્રકારની ગેરરીતી ન થાય એવું ફુલ પ્રુફ માળખું સરકાર દ્વારા ગોઠવવામાં આવ્યું છે પરંતુ આ માળખા માં ઘણી બધી ખામીઓ પણ રહેલી છે જે ટેકનિકલ અને માનવસર્જિત એમ બે પ્રકારની છે ટેકનિકલ ખામી માં સૌથી પહેલા વાત કરીએ તો તે સર્વરની સમસ્યા છે વારંવાર સર્વર ડાઉન થઈ જાય ક્યારેક સર્વર બંધ થઈ જાય અને ક્યારેક જુદા જુદા પ્રકારની એરર આવે જે નિવારી શકાતી નથી રાશનકાર્ડ ધારકો અને દુકાનદારો નો સમય બગડે છે વિતરણ વિલંબમાં પડે છે અને ગ્રાહક અને દુકાનદાર વચ્ચે ઘર્ષણ પણ થાય છે.

પહેલા સસ્તા અનાજના દુકાનદારો દ્વારા એક પણ પ્રકારની એવી કામગીરી કરવામાં આવતી નથી જેનાથી લાભાર્થીઓને હેરાનગતિ ભોગવી પડે એટલું જ નહીં ખૂબ સરળતા પૂર્વક અને સચોટ કામગીરી થતી હતી પરંતુ જેમ ટેકનિકલ અને ડિજિટલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો તે બાદ અત્યારે સ્થિતિ સુધરવાના બદલે વણસી ચુકી છે. જે વાત ઉપર સરકારે ધ્યાન દેવું ખૂબ જરૂરી બની ગયું છે. રાજ્યના ૧૭૦૦૦ દુકાનદારો અને ૭૪ લાખ રેશનકાર્ડ ધારકો રોજે રોજ હેરાન થાય છે જો સિંગલ ફિંગર પ્રિન્ટ થી એક સમયે એક જ વ્યકતીના બાયોમેટ્રિકથી કેન્દ્ર તથા રાજ્ય સરકારની બન્ને જણસીનું બિલ બને તો સમસ્યાનો અડધોઅડધ ઉકેલ લાવી શકાય એમ છે ત્યારબાદ સરકારશ્રી દ્વારા જે સોફ્ટવેરની રચના કરાવવામાં આવી છે.

